

હે જીવ! તારી પરિણતિમાં આ રાગદ્વેષ હજુ હો પણ તે વિકારી પરિણામમાં તું નથી, એ પરિણામ તું નથી ને તે પરિણામ તારા સ્વભાવમાં નથી, તેનો કર્તા-ભોક્તા પણ તું નથી; તું તો નિર્વિકલ્પ સહજ સમયસારરૂપ જ્ઞાયકભાવ છો, તેની દૃષ્ટિ કર.

—અનંત-ઉપકારમૂર્તિ સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સંવત-૧૨ □ (૫૮૫) ❋ આત્મધર્મ ❋ (અંક-૧ વર્ષ-૪૯) □ વીર સં. ૨૫૧૮ જુલાઈ, ૧૯૯૨

# ✽ ઉત્પાદ-વ્યયથી રહિત ધ્રુવ–પરમાત્મા ✽

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૩૭ )

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં હવે દ્રવ્ય, ગુણ, પર્યાયની મુખ્યતાથી ત્રણ દોહા કહેવામાં આવે છે. જીવ અને જડ આદિ પદાર્થોના સ્વરૂપનું આ કથન છે.

आत्मा जनितः केन नापि आत्मना जनितं न किमपि ।
द्रव्य स्वभावेन नित्यं मन्यस्व पर्यायः विनश्यति भवति ॥५६॥

આ આત્મા એક સત્ પદાર્થ છે, તે કોઈ વડે ઉત્પન્ન થયો નથી. જે છે તે ક્યારે ન હોય! ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. જે છે તે ત્રિકાળ છે માટે આત્મા છે તે કોઈથી ઉત્પન્ન થયો નથી અને આત્માથી કોઈ બીજો પદાર્થ ઉત્પન્ન થયો નથી. જે છે તે કોઈને ઉત્પન્ન કરતો નથી.

આત્મા દ્રવ્યસ્વભાવથી નિત્ય છે અને પર્યાયભાવથી વિનાશીક છે. આત્મા વસ્તુ તરીકે શુદ્ધ જ્ઞાનઘન આનંદકંદ છે પણ એવા સ્વભાવના ભાનના અભાવે સંસારી જીવ પોતે ઊપજાવેલા શુભાશુભકર્મના નિમિત્તે નરનારકાદિ પર્યાયોથી ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. અઘાતિકર્મોમાં શુભ અને અશુભના ભેદ પડે છે તેના નિમિત્તે ગતિ, જાતિ આદિ મળે છે.

જીવનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ તો ભવના કારણરૂપ વિકાર અને ભવના કાર્યરૂપ આઠકર્મ આદિથી રહિત છે; પણ એવા સ્વરૂપના અંતરજ્ઞાનના અભાવે તેને શુભ-અશુભ કર્મો બંધાય છે અને તેના ફળમાં તે નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિને પામે છે અને એક ગતિ પૂરી કરીને બીજી ગતિને પામે છે. આમ, અનાદિ અનંત જ્ઞાનમૂર્તિ હોવા છતાં પોતાના ભાનના અભાવે જીવ ચારગતિમાં ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે અને કર્મો બાંધે છે.

જીવ શુદ્ધાત્મજ્ઞાનથી રહિત થયો થકો કર્મોને ઉપજાવે છે તોપણ શુદ્ધનિશ્ચયનયથી જીવ શક્તિરૂપ શુદ્ધ જ છે, તે કદી કર્મોથી ઉત્પન્ન થયેલી નરનારકાદિ પર્યાયરૂપે થતો નથી. વસ્તુ તો ધ્રુવ, અનાદિ-અનંત શુદ્ધ જ છે તે મનુષ્યપણે થયો નથી તેમ દેવ, નારકી અને તિર્યંચપણે પણ થતો નથી. વસ્તુનું સ્વરૂપ તો કર્મને પણ ઊપજાવતું નથી. વસ્તુ તો વ્યવહારથી પણ જન્મ--મરણ પામતી નથી. શરીર અને રાગાદિનું ઉપજવું થાય છે એ તો પર્યાયમાં થાય છે, વસ્તુમાં ઊપજવું થતું નથી.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૧૨ ]

કહાન સંવત-૧૨
વર્ષ-૪૯
અંક-૧
[ ૫૮૫ ]

વીર સંવત ૨૫૧૮
સં. ૨૦૪૮
JULY.
A.D. 1992




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# 卐 ગૃહસ્થાશ્રમમાં ષટ્-આવશ્યકનું મહત્ત્વ 卐

[ શ્રી પદ્મનંદિ પંચવિંશતિ શાસ્ત્રના ઉપાસક સંસ્કાર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૩ ]

મુમુક્ષુજીવે પ્રથમ તો સંયોગથી રહિત, રાગથી રહિત, ગુણ-ગુણીના ભેદ પણ જેમાં નથી એવા સ્વભાવની અંતર્મુખ દૃષ્ટિ વડે મહા રત્ન સમાન સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ અને પછી શ્રાવકને યોગ્ય અંશે ચારિત્ર પણ અંગીકાર કરવું જોઈએ.

આવા શ્રાવકને દિન-દિન પ્રત્યે જે છ આવશ્યક હોય છે તેનો આ અધિકાર ચાલે છે.

સમ્યગ્દૃષ્ટિ દેવ હો, ચક્રવર્તી હોય કે મુનિ હોય તેને પણ શુભરાગના કાળે ભગવાનની ભક્તિ આદિના ભાવ આવે છે પણ તેને ધર્મી પુણ્યબંધના કારણ જાણે છે, ધર્મ માનતા નથી છતાં ધર્મીને વીતરાગી જિનેશ્વરદેવ પ્રત્યે એવો ભક્તિભાવ આવ્યા વગર રહેતો નથી.

ભક્તો જ્યાં હોય ત્યાં પરમાત્માને જ ભાળે છે. પદ્મનંદિ મુનિરાજ પોતે ભાવલિંગી સંત છે. અંતરમાં અતીન્દ્રિય અમૃત આનંદના ઘૂંટડા પીવે છે, બહારમાં નગ્ન દિગંબર લિંગ છે; વનવાસી સંત છે એવા મુનિ પણ ઋષભસ્તોત્રમાં લખે છે કે પ્રભુ! આ ચંદ્રમામાં હરણ દેખાય છે ને, એ જાણે ચંદ્રમામાં રહેલા દેવો વીણા-વાજિંત્ર સહિત આપની ભક્તિ કરે છે તેને સાંભળવા હરણ ત્યાં પહોંચ્યું હોય તેવું લાગે છે. આમ જ્યાં હોય ત્યાં ભક્તને પરમાત્માનો મહિમા જ દેખાય છે.

જુઓ ! આવો ભાવ સાધકને આવ્યા વગર રહેતો નથી. જો એવો ભક્તિનો ભાવ ન આવે તો તેને સમ્યગ્દર્શન અને જ્ઞાનના પણ ઠેકાણાં નથી. ધર્મીને ભક્તિનો ભાવ આવે જ છે પણ તેને બરાબર જ્ઞાન છે કે, પાપથી બચવા પૂરતો આ એક શુભભાવ છે અને તેને ધર્મમાં નિમિત્તકારણ કહેવાય છે પણ તે ધર્મનું ઉપાદાન-કારણ નથી.

કેટલાંક લોકો એમ કહે છે કે, સોનગઢવાળા તો ભગવાનની ભક્તિ કરે તેને મિથ્યાત્વ થાય એમ માને છે; અરે ભાઈ! તું આ શું કહે છે? ભગવાનની ભક્તિનો શુભરાગ આવે તે કાંઈ મિથ્યાત્વ નથી. એવો રાગ સમ્યગ્દષ્ટિને તો આવે પણ કુંદકુંદ આચાર્ય જેવા મુનિને પણ આવે. કુંદકુંદઆચાર્ય ગીરનારની યાત્રાએ પણ ગયા હતાં. જે મુનિરાજ એમ કહે છે કે, ભૂતાર્થના આશ્રયે જ સમ્યગ્દર્શન અને જ્ઞાન, ચારિત્ર થાય, વધે અને પૂર્ણ થાય. એ જ મુનિને શુભરાગ પણ આવ્યો હતો તે કાંઈ મિથ્યાત્વનું કારણ નથી. તેમ જ એ રાગ સંવર-નિર્જરાનું પણ કારણ નથી. આસ્રવભાવ છે તેને સંવર-નિર્જરાનું કારણ માની લે તો તે દષ્ટિ મિથ્યા છે. બાકી તો શુભરાગ મુનિને પણ હોય અને શ્રાવકને તો મુખ્યપણે હોય જ. માટે તો અહીં કહ્યું છે કે, '**धर्मार्थकाम-मोक्षाणमादौ धर्मः प्रकीर्तितः**' ગણધરાદિ મહાપુરુષોએ પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં ધર્મને જ પ્રથમ બતાવ્યો છે.

જુઓ ! ધર્મ એટલે અહીં શુભરાગને મુખ્ય બતાવ્યો છે તે વર્તનની અપેક્ષાએ છે હો! દષ્ટિની અપેક્ષાએ તો દ્રવ્યસ્વભાવ જ મુખ્ય છે. સમ્યગ્દષ્ટિ, શ્રાવક કે મુનિ કોઈને એ દ્રવ્યની મુખ્ય દષ્ટિ ત્રણકાળમાં કદી ફરતી નથી અને જો દષ્ટિ ફરીને શુભરાગ મુખ્ય થઈ જાય તો તે મિથ્યાદષ્ટિ થઈ જાય.

આ તો અહીં વર્તન અપેક્ષાએ શ્રાવકને પુણ્યધર્મની મુખ્યતા કહી છે તેના ઉપરથી કહીએ છીએ કે દષ્ટિમાં તો ધર્મીને હંમેશા દ્રવ્ય જ મુખ્ય હોય છે. ચિદાનંદ ધ્રુવ દ્રવ્યસ્વભાવની મુખ્યતા ધર્મીને ત્રણકાળ ત્રણલોકમાં કયારેય ફરતી નથી અને જો ફરે તો દષ્ટિ સમ્યક્ રહેતી નથી, મિથ્યા થઈ જાય છે. અહીં જે મુખ્યતા કહી છે તે તો શ્રાવકને શુભ અને અશુભ બે વર્તનમાં શુભ વર્તન મુખ્ય હોય છે એમ કહ્યું છે.

સમ્યગ્દષ્ટિ-જ્ઞાની ધર્માત્મા કે જે હજુ ગૃહસ્થાશ્રમમાં રહેલાં છે, આરંભ પરિગ્રહ સહિત છે તેણે પ્રાતઃકાળ ઊઠીને પ્રથમ તો જિનેન્દ્રદેવના દર્શન-પૂજા કરવા જોઈએ; તો કોઈ કહે કે, અમને તો સમ્યગ્દર્શન નથી તો અમારે શું? ભાઈ! જેને

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે તેને પણ ભગવાન પ્રત્યે એવો શુભરાગ આવ્યા વગર રહેતો નથી પણ તે સંવર-નિર્જરાનું કારણ નથી. સંવર-નિર્જરા અને મોક્ષ તો નિજસ્વભાવના આશ્રયે જ થાય છે પણ સાચા દેવ, શાસ્ત્ર, ગુરુ પ્રત્યે મુમુક્ષુને શુભરાગ આવે જ પણ તે ધર્મનું કે મોક્ષનું કારણ નથી. છતાં તે રાગ આવ્યા વિના રહેતો નથી પણ તે મિથ્યાત્વ નથી. શુભરાગ તે વ્યવહાર છે, મિથ્યાત્વ નથી છતાં લોકો આળ આપે છે કે, આ તો વ્યવહારને મિથ્યાત્વ કહે છે! દયા, દાન, વ્રત, ભક્તિના રાગને મિથ્યાત્વ કહે છે એવું આળ આપનારાને કહીએ છીએ કે પ્રભુ! આ તું શું કરે છે! કોને આળ આપે છે! અરે! બાર અંગ-ચૌદ પૂર્વની રચના કરી છે એવા શ્રુતધર ગણધરદેવને પણ ભગવાનની વાણી પ્રત્યે ભક્તિ ઊછળે છે તો શ્રાવક, સમ્યગ્દષ્ટિ આદિને કેમ ન ઊછળે! એ ભક્તિને અમે મિથ્યાત્વ કહેતાં નથી પણ ભક્તિને જે ધર્મ માને છે, મોક્ષનું નિશ્ચયકારણ માને છે તેને મિથ્યાત્વ કહીએ છીએ.

મુનિની તો દશા જ એવી છે કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં ઝૂલે છે. ક્ષણમાં સાતમું આવે છે ને ક્ષણમાં છઠ્ઠું આવે છે. ભગવાનની વાણી સાંભળતી વખતે પણ ક્ષણે-ક્ષણે સાતમું આવી જાય છે છતાં વાણીની સંધિ તૂટતી નથી. સાતમાં ગુણસ્થાને પરમાત્માને સ્પર્શીને બહાર આવે છે ત્યાં ભગવાનની વાણીની સંધિ બધી મળી જાય છે, તૂટતી નથી.

અહીં કહે છે કે, શ્રાવકે હંમેશા ભગવાનના અને ગુરુના દર્શન કરવા. વ્યવહારનયના કથનમાં 'કરવું...કરવું' એમ જ કથન આવે પણ તેનો અર્થ એ છે કે શ્રાવકને એવા દર્શન, પૂજા, ભક્તિ, મહિમા, દયા, દાનાદિના ભાવ દિન-દિન પ્રત્યે આવ્યા વગર રહેતાં નથી. ધર્મીને તેની કર્તૃત્વબુદ્ધિ હોતી નથી. પણ એ ભાવો આવે છે અને પરિણમે છે તેને સમકિતી કરે છે એમ કહેવાય છે.

મહામુનિરાજ શાસ્ત્રમાં વ્યવહારની વાત પણ અનેક પ્રકારની કરે છે પણ તેનો આશય બરાબર સમજવો જોઈએ. કુંદકુંદઆચાર્યની પહેલાં ઘણાં વર્ષો પહેલાં થઈ ગયેલાં કાર્તિકેય મુનિરાજે કાર્તિકેય અનુપ્રેક્ષામાં કંજૂસ માણસ માટે એક શ્લોક એવો લખ્યો છે કે, અરે કંજૂસ! આ તને લક્ષ્મી મળી છે તેનું દાન ન દઈ શકે કે બીજી કોઈ રીતે વાપરતાં ન આવડે તો કાંઈ નહિ પણ તું ખાવામાં તો તેનો ખર્ચ કરજે જેથી તને સંતોષ થશે કે, મેં ખાધું તો ખરું. 'માખીઓએ મધ કર્યું, ન ખાધું, ન દાન દીધું, લૂંટનારે લૂંટી લીધું રે, પામર પ્રાણી...' એવી તારી દશા ન થાય તેનું ધ્યાન રાખજે. જુઓ! આમાં મુનિરાજને કાંઈ આરંભ-પરિગ્રહની અનુમોદના નથી પણ કંજૂસ ઉપર કરુણા છે કે, આ પૂર્વના પુણ્યથી ધનના ઢગલા થયા છે તેને

દાનમાં તો તું દઈ શકતો નથી પણ ખાજે તો ખરો. તો મરણટાણે તને એટલો પસ્તાવો નહિ થાય કે, અરેરે! મેં ધન ભેગું જ કર્યું, કાંઈ ભોગવી ન શકયો. પરિણામમાં એટલો સંતોષ રહેશે કે, મેં ખાધું તો ખરું એવા આશયથી આ સંબોધન કર્યું છે.

એક તરફ સમયસારમાં કુંદકુંદ આચાર્ય કહે છે કે, પુણ્યપરિણામ તે કુશીલ છે કેમકે તે જીવને સંસારમાં દાખલ કરાવે છે માટે ધર્મી તેને સમ્મત કરતાં નથી. મન, વચન કે કાયાથી શુભરાગરૂપી પુણ્યને સારો કે ભલો માનીશ નહિ એમ કહે અને વળી કોઈ સમયે મુનિરાજ ઉપર પ્રમાણે પુણ્ય કરવાનું પણ કહે એ વ્યવહારે એ જાતનો તીવ્ર અશુભ રાગ ઘટાડવા માટે કથનો આવે છે પણ નિશ્ચયમાં તેની અનુમોદના કે સમ્મતિ ન હોઈ શકે—એમ જાણવું.

અહીં કહે છે કે શ્રાવકે સવારમાં ઊઠીને પહેલાં જિનેન્દ્રદેવના દર્શન અને પૂજા કરવા પછી બીજાં જે કામ હોય તે કરવાં; તેનો અર્થ એ છે કે શ્રાવકને અશુભથી બચવા અને કષાયની મંદતામાં ભગવાનના દર્શન, ભક્તિ આદિના ભાવ આવે જ છે પછી જ તે બીજાં કાર્યો કરે છે. પ્રથમ તેને પુણ્યકાર્યની મુખ્યતા હોય છે. આ વર્તન અપેક્ષાથી કહેવાય છે. દૃષ્ટિ અને સ્થિરતા તો શ્રાવકને હંમેશા દ્રવ્યના આશ્રયે જ રહેલી છે તે કદી ફરતી નથી. પણ અશુભને ટાળવા શ્રાવકને શુભભાવ મુખ્ય હોય છે.

સમંતભદ્ર આચાર્યે સ્વયંભૂસ્તોત્ર કેવું રચ્યું છે! સ્તુતિના બહાને જાણે આગમ જોઈ લો! ચોવીશભગવાનની સ્તુતિમાં નિશ્ચય, વ્યવહાર, અભ્યંતર, બાહ્ય વગેરે બધું ભરી દીધું છે. ભાવલિંગી સંતોને પણ જ્યાં આવી ભક્તિ આદિના ભાવ આવે છે તો શ્રાવકની દશા તો મુનિથી ઘણી નીચી છે તેને તો પ્રથમ જ એવા શુભરાગ આવે છે.

આ ૧૭ ગાથા પૂરી થઈ. હવે ૧૮ મી ગાથામાં શું કહે છે તે જુઓ.

गुरोरेव प्रसादेन लभ्यते ज्ञानलोचनम् ।
समस्त दृश्यते येन हस्तरेखेव निस्तुषम् ॥१८॥

ગુરુની જ પ્રસન્નતાથી તે જ્ઞાન (કેવળજ્ઞાન) રૂપી નેત્ર પ્રાપ્ત થાય છે કે, જેના દ્વારા સમસ્ત જગત હાથની રેખા સમાન સ્પષ્ટપણે જણાય છે. (આ બીજું —'ગુરુની સેવા'ના આવશ્યકનું—કથન છે:)

અહીં નિર્ગ્રંથ મુનિરાજની મુખ્યતાથી કહે છે કે, અહો! જે છઠ્ઠા અને સાતમાં

ગુણસ્થાનના ઝૂલે ઝૂલી રહ્યા છે, દૃષ્ટિ તો નિર્ગ્રંથ થઈ જ છે પણ આ તો ચારિત્રમાં પણ નિર્ગ્રંથતા જેને થઈ છે અને સાતમાં ગુણસ્થાને નિર્વિકલ્પતામાં તો જાણે મોક્ષ જ થઈ ગયો...હું અનુભવ કરું છું એવા ભેદની પણ જેમાં ખબર નથી એવા જ્ઞાનલોચન નિર્ગ્રંથ સંતોની સેવાથી, તેની કરુણાથી, કૃપાથી, એમના સંગથી અને એમના પરિચયથી જ સમ્યગ્જ્ઞાનરૂપી લોચન પ્રગટ થાય છે.

ગુરુ કાંઈ શિષ્યને સમ્યગ્જ્ઞાન કરાવી દેતા નથી. જીવને પોતાથી જ જ્ઞાન પ્રગટ થાય છે પણ જ્યારે તેને જ્ઞાન પ્રગટ થાય ત્યારે નિર્ગ્રંથ ગુરુઓની ઉપસ્થિતિ અથવા કૃપા હોય છે. કેમ કે ગુરુ જે ઉપદેશ આપે છે તેના એકાગ્રતાથી કરેલા શ્રવણ અને તે અનુસાર સ્વભાવનું લક્ષ કરવાથી જ્ઞાન પ્રગટ થાય છે તેથી નિમિત્તથી ગુરુની કૃપાથી જ્ઞાન થયું કહેવાય છે. જ્ઞાનમાંથી વિકાર ટળ્યો અને નિર્વિકારતા થઈ તે ગુરુની સેવાનું ફળ છે એમ વ્યવહારકથનથી કહેવાય છે.

નિશ્ચયથી કોઈની કૃપા કે શ્રાપ કોઈને લાગતો નથી છતાં કુંદકુંદઆચાર્ય જેવાને પણ એવી ભક્તિનો ભાવ ઊછળે છે કે અહો ! અમારા ગુરુએ અમારા ઉપર અનુગ્રહ કૃપા કરીને અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે. છઠ્ઠી ગાથા શરૂ કરતાં પહેલાં સમયસારમાં કુંદકુંદ આચાર્ય કહે છે કે અરે જીવો ! સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુ પર્યંત બધાંએ અમારી ઉપર કૃપા કરીને આ શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો છે તેના નિમિત્તથી પ્રસાદથી અમને શુદ્ધાત્માનો અનુભવ પ્રગટ થયો છે. અનુભવ તો પોતાના શુદ્ધ ઉપાદાનથી થયો છે પણ તે વખતે જે ઉપદેશદાતા હોય તેના પ્રતાપે અનુભવ થયો છે એવું બહુમાન આવ્યા વગર રહેતું નથી.

શ્રીમદ્જી પણ કહે છે ને !......

'જિન પ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન,
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ.'

જિનપ્રવચનમાં તો નિશ્ચય, વ્યવહાર, નિમિત્ત, ઉપાદાન, અને તેના અનેક પડખાંની વાત હોય તેમાં જો સત્યને સમજ્યા વિના એકલાં વિકલ્પથી કે તર્કથી સમજવા જાય તો એ અતિ મતિમાન હોય તો પણ થાકી જાય, પાર પામી ન શકે. તેનો પાર પામવા માટે તો સદ્ગુરુનું અવલંબ હોય તો જ પાર પામી શકાય. કેમ કે, સંતો પ્રવચનની દુર્ગમ્યતાને સુગમ કરીને સમજાવે છે માટે જ્ઞાની સંતો જ સુગમ અને સુખખાણ છે તેના વગર અંતરના પત્તા મળી શકતાં નથી.

તેમ અહીં કહ્યું છે કે, 'गुरु एव प्रसादेन लभ्यते ज्ञानलोचनम् ।' તકરાર

કર્યે પાર આવે તેવું નથી ભાઈ! ગુરુનો પ્રસાદ છે પણ ખરો અને નથી પણ ખરો. એ સમજવા માટે શાંત થા પ્રભુ! અહીં નિમિત્તથી ગુરુનો પ્રસાદ બતાવ્યો છે અને આગળ આ જ અધિકારની ૬૧ મી ગાથામાં વાસ્તવિક નિશ્ચયનું સ્વરૂપ પણ બતાવી દેશે કે, કર્મ અને કર્મના કાર્યને જ્ઞાની પોતાના માનતાં નથી. સાંભળવાનો વિકલ્પ એ પણ કર્મનું કાર્ય છે સ્વભાવનું કાર્ય નથી.

એકના એક અધિકારમાં નિશ્ચય, વ્યવહાર બંનેની વાત આવે છે. તે બંને બરાબર છે, ભાઈ! જે સ્થિતિમાં જે રીતે વ્યવહારનયનું કથન હોય તેને તે રીતે જાણવું જોઈએ અને જ્યાં નિશ્ચયનું સત્યાર્થ કથન હોય તેને તે રીતે સત્ય જાણવું જોઈએ.

અહીં કહે છે કે, શ્રાવકે સત્યાર્થના ભાનમાં રહીને વ્યવહાર વિકલ્પમાં ગુરુઓની સેવા, ભક્તિ, બહુમાન આદિ કરવા તે શ્રાવકનું હંમેશનું કર્તવ્ય છે.

ये गुरुं नैव मन्यन्ते तदुपास्तिं न कुर्वते ।
अन्धकारो भवेत्तेषामुदितेऽपि दिवाकरे ॥ १९ ॥

જુઓ! આ મુનિરાજ જગત ઉપર કરુણા કરીને શ્રાવકનું હંમેશનું કર્તવ્ય સમજાવે છે. ઉપાસકસંસ્કાર એટલે શ્રાવકનો આચાર, શ્રાવકનું અનુષ્ઠાન આ છ પ્રકારે હંમેશા હોય છે.

ધર્મરાજા–તીર્થંકરના વજીર જે ગણધરદેવ એ પણ બાર અંગની રચના કરતાં પહેલાં પાંચ પદનું સ્મરણ કરે છે તેમાં **नमो लोए सव्व साहूणं**માં જેને નમસ્કાર કરે છે એવા ભાવલિંગી પરિગ્રહ રહિત દિગંબર સંત કે જેને અંતરમાં અમૃતરસના ફુવારા ફાટ્યાં છે તેવા નિર્ગ્રંથ ગુરુની કૃપા વિના સમ્યગ્જ્ઞાન થતું નથી. અહો! આ ભાવલિંગી સંત મહામુનિની વાત છે હો! જે પંચપરમેષ્ઠી પદમાં ભળ્યાં છે, જેને ગણધરદેવના નમસ્કાર પહોંચે છે એવા સંત તે સાચા ગુરુ છે. જેને માટે બનાવેલો આહાર લેવાય છે, જેને નિશ્ચય તો પ્રગટ્યો નથી પણ વ્યવહારના પણ ઠેકાણાં નથી એવા ગુરુ તે સાચા ગુરુ નથી, તેની કૃપાથી સમ્યગ્જ્ઞાન પ્રગટ થતું નથી.

જે મનુષ્યો સાચા નિર્ગ્રંથ સંતની સેવા, વંદના, બહુમાન કરતાં નથી તેમને માટે તો સૂર્યનો ઉદય હોવા છતાં અંધકાર જેવું જ છે. તેને અંધારું કદી ટળે તેવું નથી. જેને અંતરથી પરિગ્રહની મમતા જ ટળી ગઈ છે તો બહારમાં પરિગ્રહનો એક ધાગો પણ રાખતાં નથી અને જ્ઞાન–ધ્યાનમાં લીન રહે છે એવા નિર્ગ્રંથ ગુરુઓને જે નથી માનતાં તેને છતા સૂર્યે અંધારું છે.

શ્રોતા :—મોક્ષપાહુડ આદિ ગ્રંથોમાં તો કહ્યું છે કે પરદ્રવ્યની ઉપાસનાથી પુણ્યબંધ થાય છે અને સ્વદ્રવ્યની ઉપાસનાથી જ સંવર, નિર્જરા અને મોક્ષ થાય છે એ વાત તો આપ બહુ કહો છો ?

પૂજ્ય ગુરુદેવ:-ભાઈ ! વાત એમ જ છે પણ જ્યાં સુધી સ્વદ્રવ્યની પૂરી ઉપાસના ન થઈ શકે ત્યાં સુધી આવા દેવ-ગુરુ આદિની ઉપાસનાના ભાવ આવ્યા વગર ન રહે. ધર્મી જાણે છે કે, શુદ્ધ સ્વભાવના આશ્રયે જેટલી શુદ્ધિ અને વીતરાગતા પ્રગટે તે જ નિશ્ચયથી સંવર-નિર્જરા છે, સાથે જેટલો શુભરાગ છે તેને પણ વ્યવહારનયથી સંવર-નિર્જરા કહેવાય છે પણ બંને નયના કથનમાં નિશ્ચય જ સત્ય છે. સંવર-નિર્જરાના કથન બે પ્રકારે આવે પણ સંવર-નિર્જરા તો એક જ પ્રકારથી થાય છે. નિરૂપણ બે પ્રકારે છે પણ વસ્તુ બે પ્રકારે નથી.

ભક્તિનો ઉછાળો તો એમ જ આવે કે, પ્રભુ ! આપે જ અમને આત્મા આપ્યો છે. આત્મસિદ્ધિમાં કહ્યું છે ને ! તે તો પ્રભુએ આપીયો, વર્તું ચરણાધીન ’ આત્મા આપ્યો એટલે આત્માનું જેવું નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપ છે તેવું અમે જાણતાં ન હતાં તે આપે બતાવ્યું માટે આપે જ અમને આત્મા આપ્યો એમ ભક્ત ગુરુને ઊછળીને કહ્યા વિના રહેતો નથી.

અરે ! આચાર્યો પણ એમ કહે, પ્રભુ ! આપના પ્રતાપે અમે સંસાર તરી ગયા, અમે આપની કઈ રીતે ભક્તિ-પૂજા કરીએ ! નેમિચંદ્રસિદ્ધાંત ચક્રવર્તી ગોમ્મટસારમાં કહે છે કે અહો ગુરુ ! તારા પ્રસાદથી અમે સંસારસમુદ્ર તરી ગયા છીએ. આમ, વ્યવહારના કથન જે રીતે હોય તેને તે રીતે સમજવા જોઈએ.

એક તરફ નિશ્ચય એમ કહે કે, પરદ્રવ્યના આશ્રયે જે વિકલ્પ ઉઠે છે તે બંધનું જ કારણ છે. ત્રણકાળ ત્રણલોકમાં કદી એ સંવર-નિર્જરાનું બિલકુલ કારણ નથી.

હવે આ નિશ્ચય-વ્યવહારના કથનનો મેળ શી રીતે કરવો ? - ભાઈ ! મેળ જ છે; કથનની પદ્ધતિ બે પ્રકારે છે તેમાં નિશ્ચય વાસ્તવિક સ્વરૂપ બતાવે છે અને વ્યવહાર ઉપચારથી કથન કરે છે એમ બંનેને સમજે તો જ તેનો મેળ ખાય.

અહીં કહે છે કે, ચૈતન્ય સૂર્યસ્વભાવી ગુરુ મળ્યાં અને જો શિષ્ય તેની સેવા-ઉપાસના ન કરે તો તે છતા સૂર્યે આંધળો છે. શ્રાવકને તો ગુરુ પ્રત્યે ભક્તિ આવ્યા વિના રહેતી જ નથી.

જુઓને ! એકીભાવ સ્તોત્રમાં વાદીરાજ મુનિ ભગવાનની સ્તુતિ કરે છે કે

તમે જન્મ લેવાના હો તે નગરી પણ સોનાની થાય છે તો અમારા હૃદયમાં આપ બિરાજો છો અને આ શરીર ફરી ન જાય ( કોઢ મટી ન જાય ) તો તમે ભગવાન શેના! વાત એમ બની હતી કે કોઈ વિરોધીએ રાજા પાસે ફરિયાદ કરી હતી કે આ માણસ તો કોઢિયા ગુરુનો ભક્ત છે તે તેમને અડીને આવીને અડે છે તો તમને ચેપ લાગશે. રાજાએ તરત તેને પૂછ્યું કે, આ સાચી વાત છે? તો ભક્તથી ના પડાઈ ગઈ કે ના, ખોટી વાત છે. રાજા કહે તો કાલે તમારા ગુરુને જોવા આવીશું. ભક્ત જઈને વાદીરાજ મુનિરાજને વાત કરે છે કે હવે શું કરવું? મુનિને તો કોઢ હતો પણ જિનધર્મની રક્ષાનો યોગ અને મુનિરાજની ભક્તિ બેનો મેળ થઈ ગયો. વાદીરાજ મુનિએ સ્તોત્રની રચના કરવા માંડી ત્યાં તો શરીરના પરમાણુ પલટવા લાગ્યાં. એવો પુણ્યનો યોગ બની ગયો તેથી એમ બન્યું હો! વિકલ્પથી કે સ્તુતિથી એમ બની ન શકે પણ પરમાણુને પલટવાનો કાળ અને પુણ્યનો યોગ તેની સાથે સ્તુતિનો મેળ થઈ ગયો. શાસનની શોભા રહેવાની હતી તો એવો યોગ બની ગયો. બાકી એક રજકણનો પલટો કરવાની આત્મામાં તાકાત નથી.

સ્તુતિ કરી અને શરીર તો સોના જેવું થઈ ગયું. રાજા જોવા આવ્યા. અહો! શરીર તો બહુ સુંદર છે. ત્યારે એક નમૂનો શરીરમાં કોઢનો રાખ્યો હતો તે બતાવીને મુનિરાજ કહે છે કે રાજન્! ચાડિયો પણ ખોટો નથી. શરીર કોઢવાળું જ હતું પણ ભક્તથી ભક્તિવશ એમ કહેવાયું તે પણ ખોટું નથી.

આવો મેળ થઈ જાય તે કર્તૃત્વબુદ્ધિથી થતો નથી. માનતુંગ આચાર્યે સ્તુતિ ઉપાડી અને તાળાં તૂટવા માંડ્યાં તો શું સ્તુતિનો વિકલ્પ એ કર્તા અને તાળાં તૂટવા એ કાર્ય? એવો કર્તા-કર્મ સંબંધ હશે? બિલકુલ નહિ. ત્રણકાળ ત્રણલોકમાં બે દ્રવ્ય વચ્ચે કર્તા-કર્મ સંબંધ ન હોઈ શકે. તાળાં તૂટવાનો અને સ્તુતિના વિકલ્પનો કાળ એક થઈ ગયો તેથી એવું દેખાય છે. ભક્ત તો અનેક પ્રકારે ભક્તિને મલાવે પણ તેની પાછળ આશય ખોટો ન હોય.

સીતાજીના બ્રહ્મચર્ય માટે અગ્નિપરીક્ષાનો પ્રસંગ જુઓને! લક્ષ્મણ સહિત બધાં રાડ પાડી જાય છે કે આવી આકરી પરીક્ષા ન હોય હો! પણ રામ કહે છે કે નહિ. એકવાર તો પરીક્ષા દેવી જ પડશે. પરીક્ષા દીધાં વિના સીતા ઘરમાં નહિ આવી શકે. રાજનો રાગ છે તેથી પ્રજાથી પ્રતિકૂળ કામ મારાથી નહિ થઈ શકે. અગ્નિકુંડ તૈયાર થઈ ગયો ત્યારે સીતાજી સામે ઊભા રહીને અગ્નિને સંબોધે છે કે હે અગ્નિ! જો મારું બ્રહ્મચર્ય પાકું હોય, પરપુરુષને મેં મનમાં પણ લીધો ન હોય તો મને બાળીશ નહિ

બાળીશ તો શાસનની નિંદા થશે અને જો પરપુરુષને મન લીધો હોય તો બાળીને રાખ કરજે.

બ્રહ્મચર્યના પુરુષાર્થનું જોર હતું અને પુણ્યનો યોગ હતો તો દેવોએ આવીને પાણીની વર્ષા કરી. બાકી વિકલ્પની તાકાત નથી કે અગ્નિને બૂઝાવે. જડની પરિણતિનો એ જાતનો કાળ હતો માટે અગ્નિમાંથી પાણી થઈ ગયું. એવો યોગ ન હોય તો બ્રહ્મચારીને પણ અગ્નિ બાળી દે. એવી રીતે તો ઘણાં જીવો બળી ગયા અને ફાંસીએ પણ ચડી ગયા. પણ આમાં તો એવા શુભવિકલ્પના કાળે એવો અનુકૂળ યોગ બની ગયો તેથી પુણ્યથી એમ થયું કહેવાય છે પણ ધર્મીને તેની કર્તાબુદ્ધિ હોતી નથી.

માટે, ભવ્યજીવોએ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા માટે ગુરુની સેવા કરવી—એમ કહે અને વળી એમ પણ કહે કે, આત્માના આશ્રય વગર ત્રણકાળમાં અજ્ઞાનનો નાશ થતો નથી. આ બંને કથનીને નહિ સમજતો—જેમ છે તેમ નહિ જાણ તો તારાં ભ્રમણાના ડાળ નહિ ટળે અને ભ્રમણા ટળ્યા વિના ત્રણકાળમાં કદી ધર્મ નહિ થાય.

આ 'ગુરુની ઉપાસના' નામના આવશ્યકની વાત થઈ. હવે 'સ્વાધ્યાય' આવશ્યકનું કથન કરતાં મુનિરાજ ૨૦મો શ્લોક લખે છે.

ये पठन्ति न सच्छास्त्रं सदगुरूप्रकटीकृतम् ।
तेऽन्धाः सचक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः ॥२०॥

જે મનુષ્યો ઉત્તમ ગુરુ દ્વારા પ્રરૂપિત સમીચીન શાસ્ત્ર વાંચતાં નથી તેમને બુદ્ધિમાન મનુષ્ય બંને આંખોવાળા હોવા છતાં આંધળા સમજે છે.

શ્રાવક દિન દિન પ્રત્યે સ્વાધ્યાયનો સમય અવશ્ય કાઢે છે; તે સ્વાધ્યાય પણ કેવી રીતે કે નિયમ છે માટે ગમે તેમાંથી દસ લીટી વાંચી જવી એમ ન હોય. સ્વાધ્યાય તો એકાંતમાં, શાંત ચિત્તે એકાગ્રતાપૂર્વક કરે તેને સ્વાધ્યાય કહેવાય. સ્વાધ્યાય પોતે એકલા કરે, સાધર્મીની સાથે કરે કે ગુરુની સમીપે કરે પણ શ્રાવક સ્વાધ્યાય કર્યા વિના ન રહે. છતાં શ્રાવક સમજે છે કે, એ રાગની મંદતાનું અને પુણ્યનું કાર્ય છે તેમાં ધર્મ નથી.

શ્લોકમાં મુનિરાજ કેટલી કરુણાથી સંબોધન કરે છે હે આંધળા! જો તું સર્વજ્ઞકથિત શાસ્ત્ર વાંચતો નથી તો તું છતી આંખે આંધળો છો. શાસ્ત્રની પણ વ્યાખ્યા બાંધી છે કે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીએ કહેલાં કે લખેલાં હોય તે તો શાસ્ત્ર જ

નથી. સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા દેવાધિદેવે કહેલાં ભાવો સમજીને ગુરુઓએ જે શાસ્ત્ર રચ્યાં છે તે જ સત્ શાસ્ત્ર કહેવાય છે.

જેના અભિપ્રાય જ ઊંધા છે તેના શાસ્ત્રો કયાંથી સાચાં હોય! આ તો ઉત્તમ અને નિષ્કલંક ગુરુઓ દ્વારા પ્રગટ થયેલાં શાસ્ત્રોને જે વાંચતો નથી, સાંભળતો નથી, અભ્યાસ કરતો નથી, ચિંતન-મનન કરતો નથી તે મનુષ્યને બુદ્ધિમાનો આંખ હોવા છતાં અંધ કહે છે. દુકાનના ચોપડા તો આખો દિ' જોતો હોય પણ જિનાગમ વાંચવાની વાત આવે ત્યાં એ મને ન સમજાય એમ કહે છે તેના તો વ્યવહારના પણ ઠેકાણાં નથી.

શ્રાવકે દરરોજ બેથી ચાર કલાક તો નિવૃત્તિ લઈને શાસ્ત્રનું વાંચન, મનન, અનુપ્રેક્ષણ, ધ્યાન આદિ કરવું જોઈએ. પણ જે ધર્મના સ્તંભ સમાન કુંદકુંદઆચાર્ય, ઉમાસ્વામી, પૂજ્યપાદ આચાર્ય, અમૃતચંદ્રાચાર્ય જેવા સંતોએ લખેલા શાસ્ત્રો વાંચતો નથી, વિચારતો નથી તેને વિદ્વાનોએ બાહ્ય આંખ હોવા છતાં આંધળા કહ્યાં છે.

અરે, મુનિ આવું કહે! હા ભાઈ! મુનિ તને કરુણા કરીને કહે છે કે, ભાઈ! તું શાસ્ત્રનું શ્રવણ, મનન અને અભ્યાસ નહિ કર તો તારા અંદરના નેત્ર નહિ ખૂલે ઘણાં પ્રકારના શલ્ય અંદરમાં પડયાં છે તે નહિ નીકળે અને શલ્ય નીકળી ગયા પછી પણ શાસ્ત્રની સ્વાધ્યાય કરતાં શ્રાવકને જ્ઞાનની ઘણી નિર્મળતા થાય છે. માટે શાસ્ત્ર-સ્વાધ્યાય તો દિન-દિન પ્રત્યે કર્તવ્ય છે.

એક તરફ એ વાત છે તો વળી બીજી તરફ એમ કહે કે, જેને શુદ્ધ ચિદાનંદ આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો છે તેને બાર અંગ ભણવાની કાંઈ અટક નથી. કારણ કે બાર અંગનો સાર એવા ચૈતન્યનું અંતરમાં ભાન થયું છે અને તેની ધારા વહે છે. બાર અંગનો વિષય તો સ્થૂળ છે અને તેના તરફના લક્ષમાં તો વિકલ્પ ઊઠે છે માટે તે વ્યવહાર છે માટે જેને અંતરમાં જ્ઞાનની ઉગ્ર ધારા ઊઠી છે તેને શાસ્ત્ર વાંચે કે ન વાંચે તેનો બહુ પ્રતિબંધ નથી. પણ અહીં વ્યવહારના કથનમાં તો સાધારણ શ્રાવકોને પણ શાસ્ત્રનો સ્વાધ્યાય હંમેશા હોવો જોઈએ એવો ઉપદેશ છે.

એક તરફ કહે કે, સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની થયો તે શ્રુતકેવળી થયો અને બીજી તરફ કહે કે, બાર અંગનું જેને જ્ઞાન હોય તે શ્રુતકેવળી કહેવાય. એ વ્યવહારથી કહ્યું છે અને પહેલાંમાં, જેમાંથી એ ભાવની ધારા ઊઠે છે એવા આત્માનું ભાન થયું, શ્રુતમાં જે સારભૂત હતો તેનું જ્ઞાન થયું માટે નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિને શ્રુતકેવળી કહ્યો છે, તેને આખા જિનશાસનનું ભાન થઈ ગયું. 'સબ આગમભેદ સુ ઉર બસે...' સમ્યગ્જ્ઞાનીને બધાં આગમના ભેદ જ્ઞાનમાં વર્તે છે. કોઈનું અજાણપણું તેને નથી. તે છતાં સમ્યગ્દૃષ્ટિ

શ્રાવકને સ્વાધ્યાયનો ભાવ આવે છે. તે જાણે છે કે, સ્વભાવનું જેટલું ઘૂંટણ થાય-રાગરહિત એકાગ્રતા થાય તેટલી સંવર-નિર્જરા છે અને સાથે આવો સ્વાધ્યાય આદિનો રાગ છે તે પુણ્યબંધનું કારણ છે.

વસ્તુનું યથાર્થ સ્વરૂપ તો શાસ્ત્ર વડે જણાય છે છતાં તેનો સ્વાધ્યાય કરતો નથી, દેખતો નથી અને ચોપડાં તપાસ્યા કરે છે. શાસ્ત્ર વાંચવા માટે હમણાં વખત નથી. અરે! મરવાનો પણ ટાઈમ નથી એમ કહીને ફૂલાય છે કે ધંધામાં હમણાં તો મોસમ છે, રોજ કૂકડી સોનાના પાંચ-પાંચ ઈંડા આપે છે એટલે કે બહુ આવક થાય છે! ભાઈ! એ બધાં નરકના ખીચડાં ભેગા થાય છે. મરણ તો કાંઈ રોક્યું રોકાશે નહિ. સ્થિતી પૂરી થશે એટલે ક્ષણમાં ચાલ્યો જઈશ. તારા ઈંજેક્શન તેને રોકી નહિ શકે.

શાસ્ત્રમાં તો અનેક રીતે કથન કર્યું છે ને! કહે છે મરણ આવે ત્યારે લક્ષ્મી પાસે જઈને રડજે કે તારા માટે મેં જીવન ગાળ્યું...હવે અવસ્થા થઈ છે તો મને કાંઈ શરણ આપીશ. બે-પાંચ કરોડના ઢગલાં ભેગાં કર્યાં હોય તેને ગીરવે મૂકીને મરણને રોકી શકાતું હોય તો રોકી લેજે. છોકરાઓ બોલાવીને કહેજે કે, મેં તમારી માટે જિંદગી ગાળી હવે તમે મને બચાવો. તો કહેશે પિતાજી! અમે તમારા પગ દાબી દઈએ, દવા કરાવીએ બીજું શું કરી શકીએ!

ભાઈ! તે તારા શરણને સંભાળ્યું નહિ, શાસ્ત્ર વાંચ્યા નહિ, શાસ્ત્રના ધ્વનિ અંતરમાં ગૂંજ્યા નહિ. વસ્તુના સ્વરૂપને જાણ્યું નહિ તો તેના સિવાય બીજું કોણ તને શરણ આપી શકે? શાસ્ત્ર જ આગમચક્ષુ છે. પ્રવચનસારમાં ભગવાન કુંદકુંદ આચાર્ય કહે છે, મુનિઓની આંખો તે આગમ છે. આગમ તેના દીવડા છે. શાસ્ત્ર વડે નિશ્ચય શું કહે છે, વ્યવહાર શું કહે છે, દ્રવ્યમાં શું છે, પર્યાયમાં શું છે એવું જે જાણતો નથી તે તો આંખ હોવા છતાં આંધળા છે માટે, ભવ્યજીવોએ હંમેશા શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો જોઈએ. [ ક્રમશઃ ]

—*—

* આ અંકથી આત્મધર્મનું નવું વર્ષ શરૂ થાય છે. આપનું વાર્ષિક લવાજમ બાકી હોય તો જુલાઈ-૯૨ થી જૂન-૯૩ના વર્ષનું વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તુરત મોકલી આપવું. વાર્ષિક લવાજમને બદલે રૂા. ૧૦૧=૦૦ મોકલી આજીવન સભ્ય બની સંસ્થાને વ્યવસ્થામાં સહકાર આપશો.

*

[ ધ્રુવ પરમાત્મા...ટાઈટલ ૨ થી ચાલુ ]

વસ્તુ જે ધ્રુવ એક જ્ઞાયકભાવ છે તે કાંઈ પોતાના સ્વભાવને છોડીને દેવ–મનુષ્યાદિ પર્યાયોરૂપે થતી નથી. વ્યવહારથી એટલે પર્યાયમાં સ્વરૂપના ભાનના અભાવે નર નારકાદિરૂપે થાય છે પણ ધ્રુવ કાંઈ તે વિનાશીક પર્યાયરૂપે થતો નથી.

એક છોકરો પૂછતો હતો કે આ આત્મા આવ્યો ક્યાંથી? ભાઈ! આત્મા એક વસ્તુ છે તે બીજા ભવમાંથી અહીં આવ્યો છે પણ તેને કોઈએ બનાવ્યો નથી. જે છે એ તો છે જ. તેને આદિ કે અંત ન હોય. એ સત્...સત્...સત્ શાશ્વત ધ્રુવ છે. વસ્તુને કદી જન્મ-મરણ ન હોય પણ એ વસ્તુના સ્વરૂપના ભાનના અભાવે પર્યાયમાં જીવ કર્મ ઉપજાવે છે, જન્મ પામે છે, મરણ પામે છે એ બધું પર્યાયમાં થાય છે. ધ્રુવ કદી રાગપણે કે કર્મપણે થતો નથી.

શાશ્વત ધ્રુવ ચૈતન્યકંદ વ્યવહારથી પણ કોઈથી ઊપજતો નથી અને કોઈ વડે નાશ પામતો નથી. તેમ પોતે પણ કોઈને ઊપજાવતો નથી. અર્થાત્ કારણ-કાર્યથી રહિત છે. જે કાંઈ ગડબડ છે તે બધી પર્યાયમાં છે. વસ્તુ તો કદી ભવમાં કે કર્મમાં કે રાગમાં આવતી જ નથી. સુખ-દુઃખની કલ્પનાઓ પણ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. પણ અરે એને નિત્ય વસ્તુની દૃષ્ટિની જ ખબર નથી.

શરીર અને કર્મોનો જીવથી પર્યાય સાથે સંયોગમાં નિમિત્તરૂપે સંબંધ છે પણ તેનો પર્યાયમાં પ્રવેશ નથી. એક સમયની પર્યાયમાં રાગ–દ્વેષ અને અજ્ઞાન છે પણ તેનો પણ વસ્તુમાં પ્રવેશ નથી. એક સમયની પર્યાયમાં ભવ છે અને ભવનો અભાવ છે. પર્યાયમાં વિકાર છે અને વિકારનો અભાવ છે પણ વસ્તુ-ધ્રુવમાં તો ભવનું કે વિકારનું ઊપજવું પણ નથી અને વિનાશ પણ નથી. અહીં તો એ બતાવવું છે કે, ઉત્પાદ-વ્યય તો પર્યાયમાં છે, વસ્તુ-ધ્રુવમાં તો એ કાંઈ નથી, એ તો સદાય એવો ને એવો છે.

અજ્ઞાનીને પોતાની વસ્તુ સમજવી કઠણ પડે છે. દુનિયાની વાતોમાં તો હોંશિયાર હોય પણ પોતાનું સ્વરૂપ સમજવું કઠણ લાગે છે. જે વસ્તુ છે તે સત્ સત્ સત્ છે—ત્રિકાળ સત્ છે, તેની પર્યાયમાં ભવ અને ભાવનું ઊપજવું થાય અને નાશ પણ થાય છે. વળી બીજો ભવ થાય છે પણ જે વસ્તુ છે તેમાં જન્મ–મરણ અને ઊપજવું કે નાશ થવું એ ન હોઈ શકે. પર્યાય એ દ્રવ્યની જ છે, તેમાં ભવ અને ભાવ આદિ બધું છે પણ તે એક સમય પૂરતી છે. એક સમયની પર્યાયમાં સંસાર, રાગ-દ્વેષ, રાગ-દ્વેષનો અભાવ, સિદ્ધદશાનો ઉત્પાદ આદિ બધું હોય છે.

**संसरणम् इति संसारः।** શુદ્ધ ચૈતન્યમાંથી ખસીને હું રાગ–દ્વેષમાં છું, સંસારમાં

છું, આ શરીર મારું છે એવા બધાં ભાવ પર્યાયમાં ઊઠે છે, એવી માન્યતા પર્યાયમાં છે પણ નિત્ય ધ્રુવ વસ્તુ એ પર્યાયમાં ક્યાં આવી જાય છે! માટે પર્યાય ક્ષણમાં ઊપજે અને ક્ષણમાં નાશ પામે છે પણ વસ્તુ ઊપજતી કે નાશ પામતી નથી.

આ પરમાત્મપ્રકાશમાં અત્યારે દ્રવ્યપરમાત્મા બતાવે છે.

ભગવાન આત્મા કારણ-કાર્યથી રહિત છે. કેમ કે જે ઉપજાવે તેને કારણ કહેવાય અને જે ઊપજે તેને કાર્ય કહેવાય પણ વસ્તુ તો એ બંને ભાવથી રહિત છે. માટે દ્રવ્યાર્થિકનયથી જીવદ્રવ્ય નિત્ય છે. દ્રવ્ય કહેતાં તેમાં અનંતગુણ આવી જાય છે. તે નિત્ય છે. પર્યાય નવી-નવી થાય છે, જો દ્રવ્યનો આશ્રય લે તો તેમાં નિર્મળતા થાય અને જો પરનો આશ્રય લે તો પર્યાયમાં વિકાર થાય સમજાણું કાંઈ!

અરે! એને પોતાનાં વિધાન કેવા છે તેની ખબર નથી. વરસ પૂરું થાય એટલે પૈસાની ગણતરી કરે, ધનની પૂજા કરે, મેવા-મીઠાઈ ખાય પણ પોતાના નિધાનની સંભાળ ન મળે. અરે! ભગવાન ભૂલો પડી ગયો છે.

વસ્તુને જોનારી દૃષ્ટિ છે તે અનિત્ય પર્યાય છે પણ વસ્તુ તો નિત્ય ધ્રુવ છે. અહીં પર્યાય અને ધ્રુવ બે ભિન્ન છે એમ સિદ્ધ કરવું છે. જ્ઞાન, આનંદ, શાંતિ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ અનંત શક્તિઓનું એકરૂપ સત્ત્વ તે તો ધ્રુવ છે તે ભવની ઉત્પત્તિનું કારણ નથી અને ભવપણે ઊપજે એવું એ કાર્ય નથી. વિકારને ઊપજાવે એવું તે કારણ અને વિકારને નાશ કરે તેવું એ કાર્ય પણ નથી. વસ્તુ તરીકે તે ત્રિકાળ ધ્રુવ એકરૂપ છે.

શું ભગવાન ધ્રુવસ્વભાવ ભવને ઉપજાવે? શું ધ્રુવસ્વભાવ ભવપણે ઊપજે? ભગવાન ધ્રુવસ્વભાવ તો ચૈતન્યરાજા છે. તેની અવસ્થામાં ભવનું ઉપજવું અને વિણસવું છે પણ વસ્તુમાં નથી. પર્યાય છે ખરી પણ તે ધ્રુવમાં નથી. ધ્રુવ પોતે સંસારનું કારણ નથી અને ધ્રુવ પોતે સંસારરૂપે ઉપજતો પણ નથી.

ધ્રુવવસ્તુને જે દેખે છે તે પર્યાય છે તેનો ઉત્પાદ-વ્યય થાય છે પણ ધ્રુવવસ્તુ ઉપજતી નથી કે નાશ પણ પામતી નથી. ધ્રુવવસ્તુ ધ્રુવને દેખતી નથી. સોનાનું સોનાપણું રહીને કડાનો નાશ અને કુંડલ પર્યાયનો ઉત્પાદ થાય છે. અવસ્થાનો ઉત્પાદ અને નાશ છે પણ સોનાનું સોનાપણું—પીળાપણું, ચીકાશપણું એ ધ્રુવ છે તે નવું ઉપજતું નથી કે નાશ પામતું નથી. કુંડલપણે ઊપજવું કે કડાપણે નાશ થવું તે ધ્રુવનું કામ નથી.

અહીં પરદ્રવ્યની વાત નથી. અહીં તો જીવની પર્યાયમાં ભવનું હોવું, ભવનું બદલાવું, વિકારનું થવું, વિકારનું નાશ થવું આદિ છે પણ ધ્રુવ પોતે રાગને કરતો

નથી અને રાગનો નાશ કરતો નથી. ધ્રુવ રાગરૂપે ઉપજતો નથી અને રાગનો નાશ થતાં ધ્રુવનો નાશ થતો નથી. માટે ધ્રુવમાં કારણ-કાર્યનો અભાવ છે.

દ્રવ્યની દૃષ્ટિએ જોઈએ તો વસ્તુ નિત્ય જ છે. દ્રવ્યરૂપ વસ્તુમાં ભવ ને ભવનો ભાવ અને ભવનું ઉપજાવવું અને નાશ કરવું નથી. પર્યાય તરીકે વસ્તુની આ વાત નથી. નિત્ય વસ્તુ છે તે અવસ્થામાં આવતી નથી અને અવસ્થાનો નાશ થતાં તેનો નાશ થતો નથી. અહીં દ્રવ્ય એટલે સામાન્ય અંશ તેને લક્ષમાં લેવાવાળા જ્ઞાનથી જોઈએ તો તે વસ્તુ ત્રિકાળ નિત્ય છે. દ્રવ્ય એટલે પર્યાયસહિત દ્રવ્યની આ વાત નથી. દ્રવ્યના ત્રિકાળી અંશ—સામાન્યની દૃષ્ટિએ વસ્તુ નિત્ય છે અને પર્યાયાર્થિક અંશની અપેક્ષાએ જોઈએ તો આત્મા રાગપણે, ભવપણે, મુક્ત અવસ્થાપણે વિગેરે...દશાપણે ઉપજે છે. પર્યાય કહો, દશા, હાલત કે અવસ્થા કહો તે બધું એક જ છે. પર્યાયપણે જોઈએ તો નરનારકાદિ પર્યાયપણે ઉપજે છે અને નાશ પામે છે. નર-નારક શરીરપણે નહિ પણ તે જાતના ઉદયભાવપણે પોતે ઉપજે છે અને વિણસે છે પણ વસ્તુદૃષ્ટિએ તે જ વખતે આત્મા ધ્રુવ છે, ઉપજતો કે નાશ પામતો નથી.

લ્યો, હવે આનાથી વધારે કેટલું સહેલું કરીને કહેવું! બહેનોને પણ આ તો સમજાય તેવું છે. બહેનો કોઈ નથી, અહીં તો બધાં આત્મા છે.

વસ્તુ પોતે ઉપજતી નથી અને નાશ પામતી નથી. ઉપજવું અને વિણસવું તો પર્યાયમાં થાય છે. આ સાંભળીને હવે શિષ્યને પ્રશ્ન થાય છે કે સંસારીજીવોને તો નર-નારક આદિ પર્યાયની અપેક્ષાએ ઉપજવું અને મરવું પ્રત્યક્ષ દેખાય છે પરંતુ સિદ્ધોને ઉત્પાદ-વ્યય કેવી રીતે થાય છે? કેમ કે, તેમને વિભાવ પર્યાય તો નથી માત્ર સ્વભાવપર્યાય છે અને સિદ્ધો તો સદા અખંડ અને અવિનશ્વર છે.

સંસારીજીવ શુદ્ધ ચિદાનંદને ભૂલીને અજ્ઞાનભાવે જે જે ભવ મળે તેમાં હું ઉપજ્યો અને હું નાશ પામ્યો એમ માને છે પણ તેમાં જે મનુષ્ય, દેવાદિમાં શરીર મળે છે તે કાંઈ મનુષ્ય કે દેવ નથી તે તો જડ-માટી-ધૂળ છે. પણ મનુષ્યની યોગ્યતાવાળા ઉદયભાવમાં પોતાને જ મનુષ્ય માની લે છે અને દેવની યોગ્યતાવાળા ભાવમાં પોતાને દેવ માની લે છે અને તેનો નાશ થતાં પોતાનો નાશ માને છે. તે તેનું ભવમાં ઉપજવું અને વિણસવું થયું. દેહના ઉત્પાદ-વ્યયની વાત નથી.

મનુષ્યભવમાં આત્માનું હિત કરી લેવા જેવું છે એમ કહ્યું છે એટલે મનુષ્યની યોગ્યતાવાળા ભાવમાં આત્માનું હિત કરી લેવા જેવું છે. દેહ તો માત્ર નિમિત્ત છે તેનાથી કાંઈ આત્માનું હિત ન થાય. પણ અરે, એને અજ્ઞાનદશામાં આ દેહથી મારી

પર્યાય તો ભિન્ન છે એનું પણ ભાન નથી. દ્રવ્ય તો દેહરૂપ નથી પણ પર્યાય પણ દેહરૂપ નથી. જે જે ગતિનું કર્મ જીવ બાંધે છે તેનું ફળ શરીરમાં આવતું નથી. કર્મના ઉદયનું ફળ જીવની પર્યાયની યોગ્યતામાં આવે છે.

ભગવાન આત્મા નિત્ય, ધ્રુવ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ હોવા છતાં તેને ભૂલીને દશામાં ભવ અને ભવનો ભાવ અને અભાવ થયા કરે છે. દેહને તો ભવ પણ નથી અને ભવનો અભાવ પણ નથી. મનુષ્ય આદિ ભવ જીવની અવસ્થામાં છે. બાકી ભવ દેહને પણ ન હોય અને ધ્રુવ જીવને પણ ન હોય. 'હું મનુષ્ય છું' એવી યોગ્યતા જીવની પર્યાયમાં છે, ધ્રુવમાં નથી તેમ દેહમાં પણ નથી. એ યોગ્યતાનો નાશ થઈને 'હું દેવ છું' એવી યોગ્યતા પર્યાયમાં ઊભી થાય છે. ધ્રુવમાં કે દેવના દેહમાં એવી યોગ્યતા નથી.

'હું દેહપણે ઉપજ્યો' એમ માનીને અજ્ઞાની દેહના ઉત્પાદ–વ્યયને પોતાના ઉત્પાદ–વ્યય માની રહ્યો છે. પણ દેહના ઉત્પાદ–વ્યય તો જડ પરમાણુની યોગ્યતામાં થાય છે. શરીરમાં જે પરમાણુ છે તે ધ્રુવ રહીને જુદી જુદી અવસ્થાપણે ઉપજે છે તે કાંઈ આત્માની અવસ્થા નથી.

અહીં તો એ સિદ્ધ કરવું છે કે જે પર્યાય થાય છે તે ધ્રુવમાં નથી અને તે પર્યાય જડમાં પણ નથી અને જડના કારણે પણ નથી. જડની શક્તિ જડમાં છે. દેહપણે પરમાણુ ઉપજે છે, આત્મા ઉપજતો નથી. આત્મામાં બે ભાગ છે એક ધ્રુવ–નિત્ય અને એક અનિત્ય–પર્યાય. જે ધ્રુવ ભાગ નિત્ય છે તે પર્યાયમાં આવતું નથી અને પર્યાયનો નાશ થતાં તે નાશ પામતું નથી અને પર્યાયના ઉત્પાદ–વ્યયનું તે કાર્ય પણ નથી.

આત્માના બંને ભાગ—દ્રવ્ય અને પર્યાય—તે પરદ્રવ્યથી તો બંને ભિન્ન છે. આત્મા મનુષ્ય આદિ પર્યાયપણે ઉપજ્યો એટલે શું તે મનુષ્યદેહ પણે ઉપજ્યો છે? નહિ. દેહપણે તો દેહના પરમાણુની પર્યાય ઉપજી છે. આત્મા તે દેહપણે ઉપજતો કે નાશ પામતો નથી. દેહનો તો આત્મામાં સદાય અભાવ જ છે. તે જડના કારણે જીવની પર્યાય ઉપજે છે કે નાશ પામે છે એમ તો છે જ નહિ. શરીરમાં તો રોટલી, દાળ, ભાત, શાકના પરમાણુ પોતે ધ્રુવ રહીને શરીરમાં લોહી, હાડકાં આદિની પર્યાયપણે ઉપજ્યા છે, શરીરની પર્યાય ઉપજી છે તેનું ધ્રુવ તો ધ્રુવ છે. પરમાણુ ધ્રુવ રહીને પર્યાય ઉપજે છે અને વિણસે છે.

આત્માની પર્યાય પણ સ્વતંત્ર છે અને ધ્રુવ પણ સ્વતંત્ર છે. પરદ્રવ્ય તો સ્વતંત્ર છે જ. ધ્રુવને કારણે પર્યાય પલટે છે કે પર્યાયને કારણે ધ્રુવ રહે છે એમ નથી. ઉત્પાદ વ્યયમાં ધ્રુવ આવતું જ નથી. તો શિષ્યનો પ્રશ્ન છે કે સિદ્ધને ઉત્પાદ–વ્યય કેવી રીત

છે ! સિદ્ધને વિભાવપર્યાય તો છે જ નહિ માત્ર સ્વભાવપર્યાય છે તો તેનો ઉત્પાદ-વ્યય કેવી રીતે થાય છે ?

જૈનકુળમાં જન્મ લેવાથી જૈન નહિ થવાય ભાઈ! જૈનનું સ્વરૂપ સમજીને જૈન થવાય છે. 'અમે જૈન છીએ' તો સર્વજ્ઞપરમાત્માએ કહેલાં તત્ત્વનું સ્વરૂપ સમજવું જોઈએ. જીવ પરના પર્યાયને તો કરતો જ નથી પણ ધ્રુવ જીવ પોતાની પર્યાયને પણ ઉપજાવતો કે નાશ કરતો નથી. અહીં આ શિષ્યને એટલું તો સમજાય ગયું છે કે જુદી જુદી વિભાવની યોગ્યતાપણે જીવની પર્યાય ઉપજે છે અને વિણસે છે. સંસારી-જીવની ભવ અને ભાવની યોગ્યતા પર્યાયમાં ઉપજે છે અને વિણસે છે પણ સિદ્ધ ભગવાનને તો કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય આદિ બધી સ્વભાવપર્યાય પ્રગટ થઈ ગઈ છે અને તે તો સદા એકરૂપ અખંડ અવિનશ્વર રહે છે અને વિભાવપર્યાય તો કોઈ છે નહિ તો કોનો ઉત્પાદ થાય છે અને કોનો નાશ થાય છે ?

પ્રભુ ! આપે તો આખો એક સિદ્ધાંત કહ્યો કે ધ્રુવ તે પર્યાયપણે ઉપજે નહિ અને નાશ પામે નહિ. પર્યાય પોતે ઉપજે અને વિણસે છે તો સંસારમાં તો વિભાવની યોગ્યતા પલટતી દેખાય છે પણ સિદ્ધને તો અનંત આનંદ, અનંત જ્ઞાન-દર્શન, અનંત વીર્યની દશા પ્રગટ થઈ એ તો અખંડપણે એમ ને એમ રહે છે ઓછી-વધતી થતી નથી તો તેમાં ઉત્પાદ-વ્યય કેવી રીતે છે ? અખંડધારામાં ખંડ કેવી રીતે આવે ?

શિષ્યના પ્રશ્નનો ઉત્તર આ છે કે જેવું ઉપજવું, વિણસવું આદિ ચારગતિઓમાં સંસારી જીવને થાય છે એવું તો સિદ્ધોને થતું નથી. સંસારમાં તો જીવ મનુષ્યમાંથી દેવમાં જાય અને ત્યાંથી વળી એકેન્દ્રિય આદિ થાય છે. બીજા સ્વર્ગનો દેવ બે સાગરનું મોટું આયુષ્ય ભોગવીને આત્માનું ભાન ન હોય તો એકેન્દ્રિય આદિ હીણી પર્યાયમાં ચાલ્યો જાય છે. સાગર એટલે કેટલો કાળ ? કે એક સાગરમાં દશ કોડાકોડી પલ્યોપમ જાય. પલ્યોપમ એટલે તેના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. આટલો લાંબો કાળ દેવમાં જાય એટલે જાણે અમરપૂરી લાગે પણ આત્માનું ભાન ન હોય એટલે તેને ભોગોમાં એટલી મૂર્છા હોય કે તેના ફળમાં પાછો એકેન્દ્રિયમાં-ફૂલ આદિમાં અવતાર લે. ફૂલ એટલે આ જડ દેખાય તેપણે નહિ પણ એકેન્દ્રિયને યોગ્ય પોતાના ભાવની યોગ્યતાપણે ઉપજે છે. કોઈ પાણીમાં ઉપજે કોઈ હીરામાં ઉપજે. આવી અજ્ઞાનદશામાં અનેક પ્રકારની યોગ્યતાપણે જીવની પર્યાયનો ઉત્પાદ-વ્યય દેખાય છે પણ સિદ્ધને એવો ઉત્પાદ-વ્યય નથી.

તો કેવી રીતે છે ? કે શાસ્ત્રમાં પ્રસિદ્ધ અગુરુલઘુગુણની પરિણતિરૂપ અર્થપર્યાય છે તે સમય સમયમાં આવિર્ભાવ-તિરોભાવરૂપ થાય છે. સર્વજ્ઞભગવાનના જ્ઞાનમાં આ

વાત આવે છે શ્રુતજ્ઞાનમાં આ સમજાય તેવી વાત નથી. શ્રુતજ્ઞાનમાં બધું આવી જાય તો કેવળજ્ઞાનમાં શું બાકી રહે! એવી જરા સૂક્ષ્મ વાત છે. સંસારી અને સિદ્ધો બધાંને સમયે-સમયે આ અગુરુલઘુગુણની હાનિ-વૃદ્ધિનો એક સ્વાભાવિક અર્થપર્યાય સદાય થયા કરે છે. તે છદ્મસ્થના જ્ઞાનમાં ખ્યાલમાં આવી શકતો નથી.

આ રીતે સિદ્ધને સમયે સમયે પૂર્વપર્યાયનો વ્યય થાય છે અને નવી પર્યાયનો આવિર્ભાવ થાય છે. એક તો આ રીતે સિદ્ધને ઉત્પાદ-વ્યય થાય છે. એક જ સમયમાં છ ગુણ હાનિ અને છ ગુણ વૃદ્ધિ થાય છે, બીજા સમયે આ પર્યાયનો વ્યય અને એવી જ બીજી પર્યાયનો ઉત્પાદ થાય છે.

એક સમયમાં ષટ્‌ગુણી હાનિવૃદ્ધિનું સ્વરૂપ તો કેવળીગમ્ય છે પણ અહીં તો એ કહેવું છે કે આ અપેક્ષાએ સિદ્ધોને ઉત્પાદ-વ્યય કહ્યો છે અને એક બીજી અપેક્ષાએ પણ ઉત્પાદ-વ્યય કહ્યો છે તે પછી આવશે. [ ક્રમશઃ ]

---

* ભરતચક્રવર્તી ને બાહુબલીજી કે જેઓ તદ્‌ભવ મોક્ષગામી હોવા છતાં યુદ્ધે ચઢ્યા અને જ્યારે ત્રણે યુદ્ધમાં ભરતજી હાર પામ્યા ત્યારે ક્રોધાવેશમાં ભાઈને મારવા ચક્ર ફેંક્યું! જુઓ તો ખરા! ભાઈને મારી નાખવાનો ક્રોધ ધર્માત્માને આવ્યો! અને તે છતાં જેમ દરિયો ઉપરની સપાટીએ કદાચિત્ ઉછળતો હોય તોપણ નીચેની અંદરની સપાટીએ તો શાંત ગંભીરપણે રહ્યો છે તેમ જ્ઞાનીને અસ્થિરતાના કારણે કદાચિત્ આવો ક્રોધ આવી જાય તોપણ અંતરમાં જ્ઞાતાદૃષ્ટાનો ગંભીર પ્રવાહ વહે છે. તેથી ક્રોધના સમયે પણ ભરતજી ચક્ર ફેંકવાની ક્રિયાના તથા ક્રોધના પરિણામના માત્ર જ્ઞાતા જ છે, કર્તા નથી. અરે! બાહુબલીજી પણ એમ જાણે છે કે ચક્ર ફેંકવાની ક્રિયાના કે મારા પ્રત્યેના ક્રોધના કર્તા ભરતજી છે જ નહીં, ભરતજી તો જ્ઞાતાદૃષ્ટા જ છે. જુઓ તો ખરા ધર્મીની લીલા! બહારમાં ચક્ર ફેંકાતાં લોકોમાં હાહાકાર મચી જાય છે પણ બંને ધર્માત્મા અંતરમાં માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે વર્તી રહ્યા છે. અહીં તો કહે છે કે લડાઈની તે ક્રિયા અને તે વખતના ક્રોધનો, દ્વેષનો જે વિકલ્પ તેનો કર્તા તો જ્ઞાની નથી, તેમાં નિમિત્ત પણ જ્ઞાની નથી, પણ તેઓ જ્ઞાનીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે. —પૂજ્ય ગુરુદેવ

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

અહીં સમ્યગ્દર્શનનો મહિમા બતાવે છે. ત્રણ કાળ ત્રણ લોકમાં સમ્યગ્દર્શન સમાન કલ્યાણરૂપ અન્ય કોઈ પદાર્થ નથી. સમ્યગ્દર્શન વિના કલ્યાણ થતું નથી. સમ્યગ્દર્શન પછી જ સમ્યક્ચારિત્ર હોય છે. જ્ઞાનાનંદ સ્વભાવની દૃષ્ટિ કરવી તે સિવાય જગતમાં કાંઈ કલ્યાણરૂપ નથી. દેહની ક્રિયાથી પાર, મન-વચનથી રહિત ને પુણ્ય-પાપથી પણ પાર અખંડ ચિદાનંદ સ્વરૂપની નિર્વિકલ્પ શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન સમાન આ જગતમાં જીવનું હિતરૂપ બીજું કોઈ નથી ને મિથ્યાશ્રદ્ધા સમાન અન્ય કોઈ શત્રુ નથી. ચૈતન્યસ્વભાવને ચૂકીને જે જીવ પુણ્યથી ધર્મ માને, શરીરની ક્રિયાથી ધર્મ માને, શરીરની ક્રિયા હું કરું એમ માને તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિના વ્રત-તપ-સંયમ બંધુય સંસારનું જ કારણ છે. સમ્યગ્દર્શન વગર સાચાં વ્રત-તપ હોય નહીં. સમ્યગ્દર્શનનો મહિમા લોકોના ખ્યાલમાં આવતો નથી. મિથ્યાત્વનો દોષ તે જ સૌથી મોટો દોષ છે. સમ્યગ્દૃષ્ટિને અચારિત્રદશામાં રાગ હોય છે, પણ તેનું પાપ બહુ અલ્પ છે, મિથ્યાશ્રદ્ધાનું પાપ સૌથી મોટું છે. તે મિથ્યાશ્રદ્ધા જીવને અનંત સંસારમાં રખડાવનાર મોટો શત્રુ છે. માથું કાપનાર કરતાં પણ મિથ્યાત્વ મોટો શત્રુ છે. વીતરાગદેવે કહેલાં શુદ્ધ આત્માના ભાન વિના ભલે પુણ્યની ક્રિયા કરે તો પણ તેનું કિંચિત્ કલ્યાણ થાય નહીં.

**સમ્યગ્દર્શન સમાન કોઈ કલ્યાણ નથી ને મિથ્યાદર્શન સમાન કોઈ પાપ નથી. માટે શ્રી ગુરુનો ઉપદેશ છે કે પોતાના સર્વસ્વ ઉપાય-ઉદ્યમ-યત્નથી પણ એક મિથ્યાત્વનો નાશ કરી સમ્યક્ત્વ અંગીકાર કરવું!** મંદ કષાય કરીને તેને ધર્મ માને તો ત્યાં મિથ્યાત્વનું મોટું પાપ ભેગુ બંધાય છે, અલ્પ પુણ્યની સાથે મિથ્યાત્વનું મોટું પાપ છે. આત્માના ભાન વગર મિથ્યાત્વનું મહાપાપ ટળતું નથી. અહો! આત્માના પૂર્ણ પ્રયત્નથી શુદ્ધ ચિદાનંદ સ્વભાવની ઓળખાણ કરીને સમ્યગ્દર્શન કરવું તે જ ભગવાન સર્વજ્ઞનો અને સંતોનો મહાન ઉપદેશ છે. જુઓ, અહીં સમ્યગ્દર્શન માટે ઉદ્યમની વાત કરી. કોઈ કહે કે "સમ્યગ્દર્શન પુરુષાર્થથી થતું નથી, ચારિત્રમાં પુરુષાર્થ છે ને સમ્યગ્દર્શન તો દૈવથી થાય છે." તો તેની માન્યતા મિથ્યા છે. સમ્યગ્દર્શન પણ પોતાના પુરુષાર્થથી જ થાય છે.

સમ્યગ્દર્શન તે ગૃહસ્થનો પહેલો ધર્મ છે. માત્ર દેવ-શાસ્ત્ર-ગુરુને શુભ રાગથી માની લે તે કાંઈ ધર્મ નથી. ગૃહસ્થના બાર પ્રકારના ધર્મમાં સૌથી પહેલો ધર્મ સમ્યગ્દર્શન છે. તેનું વર્ણન ત્રણ ગાથાઓ દ્વારા કરતાં પહેલાં અહીં કહે છે કે જે વિશેષ તત્ત્વને ન જાણતો હોય પણ જિનવચનમાં આજ્ઞામાત્ર શ્રદ્ધાન કરે છે તેને પણ શ્રદ્ધાવાન કહીયે છીએ.

यः न अपि जानाति तत्वं सः जिनवचने करोति श्रद्धानंम् ।
यत जिनवरैः भणितं तत् सर्वं अहं समिच्छामि ॥३२४॥

જે જીવને વિશેષ ક્ષયોપશમજ્ઞાન નથી એટલે સૂક્ષ્મ તત્વોને જાણી શકતો નથી ને નિમિત્ત તરીકે તેવું સમજાવનારા વિશિષ્ટ ગુરુનો જોગ પણ નથી તે જીવ મૂળ પ્રયોજનરૂપ તત્વોને જાણીને બીજા તત્વોની સર્વજ્ઞ અનુસાર શ્રદ્ધાન કરે છે, તો તે પણ સમ્યગ્દષ્ટિ છે. મૂળ વસ્તુસ્વરૂપને પણ જાણે નહીં ને એમ ને એમ કહે કે "ભગવાને કહ્યું તે સાચું" તો તે કાંઈ સમ્યગ્દષ્ટિ ન કહેવાય. નિઃશંકતા અંગમાં અંજનચોરનો દાખલો આપ્યો પણ તેણે તો પાછળથી શુદ્ધ આત્માની શ્રદ્ધા પ્રગટ કરી તેથી પૂર્વનો આરોપ કરીને તેનો દાખલો આપ્યો છે. પણ જે જીવ નિશ્ચયની શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન પ્રગટ ન કરે ને એકલી ભગવાનના નામે શ્રદ્ધા કરે તેવા જીવને સમ્યગ્દષ્ટિ નથી કહ્યો. ને તેવા જીવનો દાખલો પણ શાસ્ત્રમાં નથી આપ્યો. વિશેષ ક્ષયોપશમના અભાવે ન્યાય-યુક્તિ વગેરે પડખા ન સમજે પણ મૂળભૂત તત્વોને તો પોતાના જ્ઞાનથી જાણે છે તેવા જીવની વાત છે. શુદ્ધ આત્માની શ્રદ્ધાપૂર્વકના આજ્ઞાસમ્યક્ત્વની વાત છે. પહેલાં તો ત્રણ ગાથામાં વસ્તુસ્વરૂપ કહ્યું. તે પ્રમાણે જાણે, તેમાં જો શંકા કરે તો તે તો મિથ્યાદષ્ટિ જ છે.

ભાવાર્થ:—જે જિનવરના વચનોની શ્રદ્ધા કરે છે કે 'સર્વજ્ઞદેવે કહ્યું છે તે સર્વ મને ઇષ્ટ છે' એવી સામાન્ય શ્રદ્ધાથી પણ તેને આજ્ઞા સમ્યક્ત્વી કહ્યો છે.

જૈન દર્શનમાં સર્વજ્ઞ પરમાત્માએ જે માર્ગ કહ્યો ને દિગંબર સંતોએ પરંપરાએ ધાર્યો તે જ એક વીતરાગી માર્ગ છે. એવા વીતરાગ માર્ગ સિવાય બીજા માર્ગને માને તે તો સ્થૂળ મિથ્યાદષ્ટિ છે. ભગવાન શ્રી કુંદકુંદાચાર્ય, પૂજ્યપાદ આચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, વીરસેનાચાર્ય વગેરે દિગંબર સંતોએ વીતરાગ માર્ગને યથાર્થ ટકાવી રાખ્યો છે. જે જીવને વિશેષ સૂક્ષ્મજ્ઞાન ન હોય તે જીવ મૂળભૂત તત્ત્વનો તો નિર્ણય કરે ને બીજામાં બુદ્ધિ ન પહોંચે ત્યાં સર્વજ્ઞની આજ્ઞાનુસાર પ્રતીત કરીને માને—તેને આજ્ઞાસમ્યક્ત્વી કહે છે. પણ તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવને તો જાણે છે કે હું જ્ઞાન છું, પદાર્થોમાં ક્યાંય ફેરફાર કરનાર હું નથી. જેને આવો નિર્ણય પણ નથી તે તો મિથ્યાદષ્ટિ છે.

સર્વજ્ઞને માને અને સર્વજ્ઞ જેવા પોતાના આત્મસ્વભાવને જાણે, પણ શાસ્ત્રોના વિશેષ પડખાનું જ્ઞાન ન હોય તો સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે તેની પ્રતીત કરે છે કે સર્વજ્ઞદેવે જે કહ્યું છે તે મને ઇષ્ટ છે પણ સર્વજ્ઞના શાસ્ત્રોમાં સંદેહ કરતો નથી એવો જીવ આજ્ઞા સમ્યક્ત્વી છે. આગળ ત્રણ ગાથામાં સમ્યક્ત્વનું માહાત્મ્ય કહે છે:—

रत्नानां महारत्नं सर्व्वयोगानां उतमं योगः ।
ऋद्धीनां महर्द्धिः सम्यक्त्वं सर्वसिद्धिकरम् ॥३२५॥

અર્થ:—સર્વ રત્નોમાં પણ મહારત્ન સમ્યક્ત્વ છે, વસ્તુની સિદ્ધિ કરવાના ઉપાયરૂપ સર્વયોગ, મંત્ર, ધ્યાન, આદિમાં (સમ્યક્ત્વ) ઉત્તમ યોગ છે, કારણ કે સમ્યક્ત્વથી મોક્ષ સધાય છે. અણિમાદિ ઋદ્ધિઓમાં પણ (સમ્યક્ત્વ) મહાન ઋદ્ધિ છે. ઘણું શું કહીએ! સર્વ સિદ્ધિ કરવાવાળું આ સમ્યક્ત્વ જ છે.

અહો! સમ્યગ્દર્શન મહારત્ન છે. શુદ્ધ આત્માની નિર્વિકલ્પ પ્રતીત તે જ સર્વ રત્નોમાં મહારત્ન છે. લૌકિક રત્નો તો જડ છે. પણ દેહથી ભિન્ન કેવળ શુદ્ધ ચૈતન્યનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટે તે જ મહારત્ન છે.

પાણીમાં ઊંચું સ્વચ્છ પાણી હોય તેને ઉદકરત્ન કહે છે, સારો પુત્ર થાય તો પુત્રરત્ન કહે, ચક્રતીનો ઊંચો ઘોડો હોય તેને અશ્વરત્ન કહે—એમ ઊંચી વસ્તુને રત્ન કહે છે. પણ અહીં તો કહે છે કે તે બધાં રત્નો તો કહેવામાત્ર છે, ખરેખર ચૈતન્ય સ્વભાવની શુદ્ધ પ્રતીતરૂપ સમ્યગ્દર્શન તે જ સર્વ રત્નોમાં શ્રેષ્ઠ રત્ન છે. ચક્રવર્તીમાં ચૌદ રત્નો કરતાં સાતમી નરકની નારકીનું સમ્યક્ત્વરત્ન શ્રેષ્ઠ છે. સમ્યગ્દર્શનરત્ન પાસે બહારના રત્નોની કાંઈ કિંમત નથી. સમ્યગ્દષ્ટિ જીવને કોઈ ચળાવવા આવે તો પણ તે શ્રદ્ધાથી ચલિત થતો નથી. સ્વર્ગમાં રત્નોના ઢગલા મળે તેમાં જીવનું કાંઈ કલ્યાણ નથી, સમ્યગ્દર્શનરત્ન અપૂર્વ કલ્યાણકારી છે. સમ્યગ્દર્શન સર્વ કલ્યાણનું મૂળ છે. તે સમ્યગ્દર્શન વગર જે કાંઈ કરે તે તો બધુંય "રાખ ઉપર લીંપણ" જેવું છે. સમ્યગ્દષ્ટિ જીવ લક્ષ્મી-પુત્ર વગેરે માટે કોઈ શીતળા વગેરે ને માને નહીં. લોકમાં મંત્ર-તંત્ર-ઔષધ વગેરે છે તે તો પુણ્ય હોય તો ફળે, પણ આ સમ્યગ્દર્શન-રત્ન સર્વ રત્નોમાં એવું શ્રેષ્ઠ રત્ન છે કે દેવો પણ તેનો મહિમા કરે. સર્વ મંત્રોમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે. નમસ્કારમંત્રને શ્રેષ્ઠ મંત્ર કહેવાય છે તે તો ઉપચારથી છે. ખરેખર સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે. નમસ્કારમંત્ર તો અભવ્યજીવે પણ અનંતવાર ગણ્યા, પણ તે તો શુભરાગ છે, સમ્યગ્દર્શન વગર સંસારનો નાશ થાય નહીં, નમસ્કારમંત્ર બોલવાનો ભાવ તો રાગ છે, તે જ્ઞાનનું કાર્ય નથી, જ્ઞાનમાં રાગ નથી ને રાગમાં

જ્ઞાન નથી, આવા ભાન વિના કલ્યાણ થાય નહીં માટે સર્વે મંત્રોમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે.

સમ્યગ્દર્શનથી તો આત્માની મુક્તિ સાધી શકાય છે. એ સિવાય બીજા મંત્રોથી મોક્ષ સધાતો નથી. માટે સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ મંત્ર છે ને અણિમા—મહિમા વગેરે ઋદ્ધિઓ પ્રગટે તેનાં કરતાં પણ સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ ઋદ્ધિ છે.

અણિમા ઋદ્ધિ વગેરે તો પુણ્યનું ફળ છે ને અભવ્યને પણ તેવી ઋદ્ધિ તો હોય છે. પણ સમ્યગ્દર્શન જ અપૂર્વ ઋદ્ધિ છે. સમ્યગ્દષ્ટિ જ સાચી ઋદ્ધિવાળો છે.

सिद्धि रिद्धि वृद्धि दीसै घटमें प्रगट सदा ।
अंतरकी लच्छीसौं अजाची लच्छपति है ॥
दास भगवंतसे उदास रहैं जगतसों ।
सुखिया सदैव एसे जीव समकिती है ॥

જેને સમ્યગ્દર્શન છે તે અલ્પકાળમાં સિદ્ધ દશા પામશે. અહો ! સમ્યગ્દર્શન જ સર્વ સિદ્ધિનું કરનારું છે. ચક્રવર્તીની ઋદ્ધિ, તીર્થંકરની ઋદ્ધિ, ઇંદ્રની ઋદ્ધિ, વાસુદેવ, બળદેવની ઋદ્ધિ ને મોક્ષની ઋદ્ધિ—એ બધી ઋદ્ધિ સમ્યગ્દષ્ટિને જ પ્રાપ્ત થાય છે. મિથ્યાદષ્ટિ જીવને તેવી પદવી બંધાતી નથી. ચંડાળ હોય તે પણ સમ્યગ્દર્શન પામે છે ને તે સમ્યગ્દષ્ટિ ચંડાળ મિથ્યાદષ્ટિ દેવથી પણ શ્રેષ્ઠ છે. રાખની નીચે અંગારો ઢાંક્યો હોય તેમ ચંડાળના દેહમાં રહેલો સમ્યગ્દષ્ટિ આત્મા પણ શ્રેષ્ઠ છે. ચંડાળને મુનિદશા ન હોય પણ સમ્યગ્દર્શન થાય. હરિકેશી વગેરે ચંડાળને મુનિદશા હોવાનું કોઈ કહે તો તે વાત જૂઠી છે. એ જ પ્રમાણે સ્રીદેહમાં રહેલાં આત્માને સમ્યગ્દર્શન હોય પણ મુનિદશા ન હોય.

અહો ! સમ્યગ્દર્શન સર્વ સિદ્ધિનું મૂળ છે. જુઓ સમ્યગ્દષ્ટિને કેવી પ્રતીત હોય તે પહેલાં કહેવાઈ ગયું છે, આ તો વીતરાગ માર્ગ છે તેમાં સત્યને સત્ય જાણવું જોઈએ, આડું અવડું માને તો ચાલે તેમ નથી. આંખમાં તો કદાચ રજકણ સમાય પણ શુદ્ધ વીતરાગમાર્ગમાં જરાય આઘું-પાછું ચાલે તેમ નથી. જેમ વસ્તુસ્વરૂપ છે તેમ તેને જાણીને પ્રતીત કરે તે સમ્યગ્દર્શન છે ને તે સમ્યગ્દર્શન જગતમાં શ્રેષ્ઠ છે.

વળી સમ્યગ્દર્શનનો મહિમા કરે છે:—

सम्यक्त्वगुणप्रधानः देवेन्दनरेंद्रवंदितः भवति ।
त्यक्तव्रतः अपि च प्राप्नोति स्वर्गसुखं उत्तमं विविधम् ॥३२६॥

અર્થ:—સમ્યક્ત્વગુણ સહિત જ પુરુષ પ્રધાન (શ્રેષ્ઠ) છે. તે દેવોના ઇન્દ્રોથી, મનુષ્યોના ઇંદ્ર ચક્રવર્તી આદિથી વંદનીય થાય છે, અને વ્રત રહિત હોય તો પણ અનેક પ્રકારના ઉત્તમ સ્વર્ગાદિના સુખ પામે છે. જુઓ, દેવો પણ સમ્યગ્દષ્ટિનો આદર કરે છે અહો! ધન્ય! ધન્ય! એમ તેની પ્રશંસા કરે છે. સમ્યગ્દષ્ટિ હોય ને વ્રતાદિ ન હોય તો પણ ઇંદ્રો અને ચક્રવર્તીઓ પણ સાધર્મી તરીકે તેનો આદર કરે છે કે અહો! ધન્ય છે તને! ને એવો સમ્યગ્દષ્ટિ જીવ વ્રતાદિ રહિત હોવા છતાં અહીંથી મરીને સ્વર્ગમાં વૈમાનિકદેવ થાય છે. મિથ્યાદષ્ટિ પુણ્ય બાંધીને ભલે સ્વર્ગમાં જાય પણ ત્યાંથી પાછો ચાર ગતિમાં નરક, નિગોદમાં રખડશે. સમ્યગ્દર્શન સહિત જીવને ઉત્તમ સ્વર્ગ અને ઉત્તમ મનુષ્યનું આયુષ્ય બંધાય છે. હલકી ગતિમાં તે જતો નથી.

ભાવાર્થ:—જેનામાં સમ્યગ્દર્શન ગુણ છે તે પ્રધાનપુરુષ છે, તે ઇન્દ્રાદિ દેવોથી પૂજ્ય થાય છે, સમ્યક્ત્વ સહિત (જીવ) દેવનું જ આયુ બાંધે છે. તેથી વ્રતરહિતને પણ સ્વર્ગગતિમાં જવું મુખ્ય કહ્યું છે. વળી સમ્યક્ત્વગુણપ્રધાનનો આવો પણ અર્થ છે કે પચ્ચીસ મળદોષરહિત હોય પોતાના નિ:શંકિતાદિ ગુણ સહિત હોય અને સંવેગાદિ ગુણો સહિત હોય એવા સમ્યક્ત્વના ગુણોથી જે પ્રધાનપુરુષ હોય તે દેવેન્દ્રાદિ દ્વારા પૂજનીય થાય છે, સ્વર્ગને પ્રાપ્ત થાય છે.

શંકાદિ આઠ દોષ, જાતિમદ વગેરે આઠ મદ, દેવમૂઢતા, ગુરુમૂઢતા, લોકમૂઢતા, તેમ જ કુદેવ, કુગુરુ, કુધર્મ તથા તેના સેવનારા એ છ અનાયતન–એવા પચ્ચીસ પ્રકારના દોષ છે—તે પચ્ચીસ દોષરહિત શુદ્ધ સમ્યગ્દર્શન જેને છે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ જીવ દેવો દ્વારા પણ પૂજનીક છે આવો સમ્યગ્દર્શનનો મહિમા છે.

વળી સમ્યગ્દર્શનનો મહિમા કરે છે.

> सम्यग्दष्टिर्जीव दुर्गतिहेतुं न बध्नाति कर्म ।
> यत् बहुभवेषु बद्धं दुष्कर्म तत् अपि नाशयति ॥३२७॥

અર્થ:—સમ્યગ્દષ્ટિ જીવ, દુર્ગતિના કારણરૂપ અશુભકર્મોને બાંધતો નથી. પરંતુ પૂર્વના ઘણાં ભવોમાં બાંધેલાં પાપકર્મોનો પણ નાશ કરે છે.

જુઓ, આવું સમ્યગ્દર્શન તે જ સૌથી પ્રથમ ધર્મ છે. આવા સમ્યગ્દર્શન વગર કદી વ્રત-પડિમા કે મુનિદશા હોતા નથી. સમ્યગ્દર્શન વગર જીવ ચાર ગતિમાં ભટકી રહ્યો છે. લોકમાં આબરૂની દરકાર કરે છે, પણ ચૈતન્યના ભાન વિના અનાદિકાળથી ચાર ગતિમાં ભટકી રહ્યો છે, તેમાં ચૈતન્યની આબરૂ જાય છે તેની દરકાર કરતો નથી.

સમ્યગ્દષ્ટિ જીવને વ્રત–તપ ન હોય તો પણ તે મોક્ષમાર્ગી છે. ને સમ્યગ્દર્શન વગર વ્રત–તપ કરે તો પણ તે જીવ સંસારમાર્ગી જ છે.

સમ્યગ્દર્શન સહિત જીવને કદી નરકનું, સ્ત્રીનું, તિર્યંચનું કે હલકા દેવમનુષ્યનું આયુષ્ય ન બંધાય. સમ્યગ્દષ્ટિ જીવને કદાચ લડાઈના પરિણામ હોય પણ તેવા વખતે તેને આયુષ્ય બંધાતુ નથી. સમ્યગ્દષ્ટિને પાપભાવ આવે ને અશાતા બંધાય પણ તેને નરકાદિનું આયુષ્ય નહીં બંધાય, તેને ભવ નહીં બગડે, કેમકે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ પડી છે તે ભવને બગડવા દેતી નથી ને ભવને વધવા પણ દેતી નથી. જ્ઞાનસ્વભાવના અનાદરથી પૂર્વે જે કર્મો બંધાયા હોય તે કર્મોને જ્ઞાનસ્વભાવથી ભાવના વડે સમ્યગ્દષ્ટિ નાશ કરી નાખે છે. સમ્યગ્દષ્ટિને પૂર્વે અજ્ઞાનદશામાં કોઈ નરકાદિનું આયુષ્ય બંધાઈ જાય પણ સમ્યગ્દર્શન સહિત જીવને તો નરકાદિનું આયુષ્ય બંધાય જ નહીં. આવો સમ્યગ્દર્શનનો મહિમા છે માટે શુદ્ધાત્માની ઓળખાણ કરીને આવા સમ્યગ્દર્શન ધર્મને અંગીકાર કરવો.

ભાવાર્થ:—સમ્યગ્દષ્ટિ મરણ કરીને પહેલી નરક સિવાય બાકીના નરકોમાં જતો નથી, જ્યોતિષ, વ્યંતર, ભવનવાસીદેવ થતો નથી, સ્ત્રીપર્યાયમાં ઊપજતો નથી, પાંચ સ્થાવર ત્રણ વિકલેન્દ્રિય (બે–ત્રણ–ચાર ઈન્દ્રિયધારી) અસંજ્ઞી, નિગોદ, મ્લેચ્છ તથા કુભોગભૂમિમાં ઊપજતો નથી. કારણ કે તેને અનંતાનુબંધી કષાયના ઉદયના અભાવથી દુર્ગતિના કારણરૂપ કષાયોના સ્થાનકરૂપ પરિણામો થતાં નથી.

સમ્યગ્દષ્ટિ જીવ કદી સ્ત્રીપણે ઊપજે નહીં. મિથ્યાદષ્ટિ જ સ્ત્રીપણે ઊપજે છે. તીર્થંકરો જન્મથી જ સમ્યગ્દષ્ટિ હોય છે. તે કદી સ્ત્રીપણે અવતરે નહીં. મલ્લિનાથ તીર્થંકર ભગવાન સ્ત્રી ન હતા પણ રાજકુમાર હતા. તીર્થંકર તો મહા પૂજ્ય પુરુષ છે. તે કદી સ્ત્રીપણે ઊપજે નહીં. સ્ત્રીને સમ્યગ્દર્શન થાય પણ સ્ત્રીપણે ઊપજે તે વખતે તો મિથ્યાદષ્ટિ જ હોય. ઇન્દ્રાણી સમ્યગ્દષ્ટિ હોય છે પણ ઇન્દ્રાણીપણે ઊપજે તે વખતે તો તે મિથ્યાદષ્ટિ જ હોય છે. સાધારણ સમ્યગ્દષ્ટિ જીવ પણ સ્ત્રીપણે અવતરે નહીં—એ ત્રણકાળનો નિયમ છે. વળી સમ્યગ્દષ્ટિ મ્લેચ્છપણે અવતરે નહીં, કુભોગભૂમિમાં અવતરે નહીં, નિગોદ કે અસંજ્ઞીપણે પણ ઊપજે નહીં કેમકે તેને અનંતાનુબંધી કષાયનો જ અભાવ છે. તેથી તેને તેવી દુર્ગતિના કારણરૂપ પરિણામ જ થતા નથી.

[ક્રમશ:]

—※—

સંતો કહે છે કે અમે ભગવાનને અનુસરીને તને કહીએ છીએ કે

## તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા.

પંચમ આરાના મુનિ પંચમ આરાના અપ્રતિબુદ્ધ શ્રોતાઓને સંબોધે છે કે નિત્યનિગોદના જીવને પણ અંતરમાં સ્વભાવપણે પરિણમવાની તાકાત છે, ભલે નિગોદમાં ન પરિણમી શકે પણ નિગોદને અનાદિ શાંત કરીને, મનુષ્ય થઈને પંચમ પારિણામિકભાવનો અનુભવ કરીને સિદ્ધનો સાદિ-અનંત ભાવ પ્રગટ કરી શકે છે, તો હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છે. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી? અમે તો ભગવાનને અનુસરીને તને આ કહીએ છીએ માટે તું નિઃસંદેહ થા, વિશ્વાસ લાવ, પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે, તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તેપણે પરિણમવાને લાયક જ છો. અભવ્ય જેમ પરિણમવાને લાયક નથી તેમ નિત્યનિગોદના જીવ પરિણમવાને લાયક નથી એમ નથી. તો પછી તું જિજ્ઞાસાથી આ સાંભળવા આવ્યો છો માટે તું પરિણમી શકે એવો છો—એમ નિઃસંદેહ થા, ભલે કોઈ રાગાદિ હોય પણ એ તને નડતર નથી, એ તો જ્ઞાનના જ્ઞેય તરીકે વિષય છે. માટે તું હીણપ ને ઓછપનો આશ્રય છોડ ને સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો એમ નિઃસંદેહ થા! —સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

—*—

તા. ૧૫-૭-૯૨

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આપણા આદરણીય પં. શ્રી હિંમતલાલ-ભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ : જિનેન્દ્રદર્શન-પૂજા

સવારે ૮-૩૦ થી ૯-૩૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર પર (૧૬મી વખતનું) આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પ્રવચનસાર ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : પંચાસ્તિકાયસંગ્રહ ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-પ્રવચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી ઇષ્ટોપદેશ પર ભાવવાહી ટેપ-પ્રવચન

* નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ :—અષાઢ સુદ ૮, મંગળવાર, તા. ૭-૭-૯૨ થી અષાઢ સુદ-૧૫ મંગળવાર, તા. ૧૪-૭-૯૨—આઠ દિવસ સુધી શ્રી નંદીશ્વર-અષ્ટાહ્નિકાપર્વ શ્રી પંચમેરુ-નંદીશ્વર-જિનાલયમાં પંચમેરુ-નંદીશ્વરપૂજનવિધાન તેમ જ અધ્યાત્મતત્ત્વ-જ્ઞાનોપાસનાપૂર્વક ઉજવવામાં આવેલ.

* દશલક્ષણ-પર્યુષણપર્વ માટે સોનગઢથી શાસ્ત્રપ્રવચનકાર બોલાવવાની જેમની ભાવના હોય તેમણે પોતાના મંડળના પ્રમુખ કે મંત્રી દ્વારા લેખિત નિવેદનપત્ર 'પ્રચાર વિભાગ, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦' મોકલી આપવું.

* નિમંત્રણ-પત્રિકાની લેખનવિધિ :—ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૯મી જન્મજયન્તી-મહોત્સવ સંબંધી મનોજ્ઞ નિમંત્રણપત્રિકાની શુભ

લેખનવિધિ તા. ૧૨-૭-૯૨, રવિવારના રોજ પ્રાતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન બાદ સમસ્ત મુમુક્ષુસમાજની આનંદોલ્લાસભીની ઉપસ્થિતિમાં ટ્રસ્ટના માનનીય અધ્યક્ષ શ્રી હસમુખભાઈ વોરાના હસ્તે સંપન્ન થયેલ હતી.

* રક્ષાબંધનપર્વ :—શ્રાવણ સુદ ૧૫, ગુરુવાર, તા. ૧૩-૮-૯૨ના રોજ શ્રી રક્ષાબંધનપર્વ— શ્રી વિષ્ણુકુમાર દ્વારા શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષાનો પર્વ — પૂજાભક્તિથી વિશેષ આયોજનપૂર્વક ઉજવાશે. —*—

## DR. PRAVINBHAI DOSHI, F. R. C. S. ( England ).

### His Lecture Tour on Jainism in North America.

| Day | Date | City | Contact |
|---|---|---|---|
| (1) Fr–Fr | July 10–July 17 | Washington, DC | Manoj Dharamsi<br>(703) 620–9837<br>OR |
| Sat–Wed | July 18–July 22 | Camp at Saint<br>Mary's College<br>Maryland. | Hasmukh Shah<br>(301) 384–1746 |
| (2) Thur–Sat | July 23–July 25 | Atlanta, GA | Sarla Kothari<br>(404) 992–0105 |
| (3) Sun–Tues | July 26–July 28 | New Orleans, LA | Janak Sheth<br>(504) 455–6809 |
| (4) Wed–Tues | July 29–Aug 4 | Chicago, IL | Kirti Shah<br>(708)837–8716 |
| (5) Wed–Tues | Aug 5–Aug 11 | Detroit, MI | Anant Koradia<br>(313) 681–1333 |
| (6) Wed–Sat | Aug 12–Aug 15 | Raleigh, NC | Pravin Shah<br>(919) 469–0956 |
| (7) Sun–Wed | Aug 16–Aug 19 | Pittsburgh, PA | Chandrakant Mehta<br>(412) 833–5108 |
| (8) Thur–Mon | Aug 20–Aug 24 | Boston, MA | Bharat Shah<br>(617) 894–3466 |
| (9) Tues–Sat | Aug 25–Aug 29 | Newark, NJ<br>(New York) | Sudha Kothari<br>(914) 877–3930 |
| (10) Sun | Aug 30 | Leaving for London | |

## વૈરાગ્ય સમાચાર :—

* બોટાદનિવાસી (હાલ-આદોની) શ્રી હીરાલાલ મલુકચંદ કામદાર (વર્ષ-૭૨) તા. ૨૯-૫-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લાઠીનિવાસી (હાલ-વિલેપાર્લા) શ્રી મનસુખલાલ લાલચંદ મહેતાના સુપુત્રી પ્રજ્ઞાબેન રાજેશભાઈ શાહ (વર્ષ-૩૫) તા. ૧-૬-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મુલુન્ડનિવાસી શ્રી હેમીબેન દેવચંદ પારેખ (વર્ષ-૮૧) (—બ્ર. શ્રી ચેતનજી—સોનગઢ—ના બહેન) તા. ૫-૬-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* તલોદનિવાસી શ્રી અમૃતલાલ નેમચંદ સંઘવી (વર્ષ-૭૧) તા. ૧૦-૬-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મોરબીનિવાસી (હાલ-રાજકોટ) શ્રી મુક્તાગૌરી કાંતિલાલ વનેચંદ દેસાઈ તા. ૧૪-૬-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જોડીયાવાળા લાલચંદભાઈ ગીરધરલાલ (વર્ષ-૯૦) (—સોનગઢનિવાસી શ્રી શાંતિભાઈ તથા શ્રી કાંતીભાઈના વડીલ બંધુ) તા. ૨૫-૬-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી (હાલ-મલાડ) શ્રી અનંતરાય શિવલાલ ગાંધીના ધર્મપત્ની પુષ્પાબેન (શ્રી હેમંતભાઈ ગાંધીના માતુશ્રી) (વર્ષ-૬૫) તા. ૨૭-૬-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી સોનગઢ રહીને ઘણો જ લાભ લીધો હતો. લાંબી બિમારીની અસહ્ય પીડા છતાં ધર્મશ્રવણ પૂર્વક શાંતિથી દેહ છોડયો હતો.

## જૈન ધાર્મિક શિક્ષણવર્ગ

અધ્યાત્મયુગપ્રવર્તક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેઓશ્રીના પરમભક્ત પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રીના ૭૯માં જન્મોત્સવ (તા. ૧૧-૮-૯૨ થી તા. ૧૫-૮-૯૨)ના અવસરે તા. ૨૭-૭-૯૨ સોમવારથી તા. ૧૫-૮-૯૨ શનિવાર—વીસ દિવસ માટે પુરુષો માટે "જૈન ધાર્મિક શિક્ષણવર્ગ"નું આયોજન કરવામાં આવ્યું છે. શિક્ષણેચ્છુ પુરુષોને આ શિક્ષણવર્ગનો લાભ લેવા સાદર નિમંત્રણ છે.

સૂચના :—(૧) ઉત્તમવર્ગમાં શ્રી પંચાસ્તિકાયસંગ્રહ—મોક્ષમાર્ગ-પ્રપંચવર્ણન અને સમયસાર-પૂર્વરંગ, તથા મધ્યમવર્ગમાં પ્રશ્નોત્તરમાળા તેમ જ મોક્ષમાર્ગપ્રકાશક ઉપર શિક્ષણ આપવામાં આવશે. (૨) શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. (૩) બેડિંગ આદિ આવશ્યક વસ્તુ સાથે લાવવી. —*—

[ તા. ૧૧-૮-૯૨ થી તા. ૧૫-૮-૯૨ ]

શ્રી રંભાબહેન પોપટલાલ વોરા (હસ્તે શ્રી હસમુખભાઈ વોરા) દ્વારા

કહાનગુરુ-અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે

# ૭૯મો બહેનશ્રી-ચંપાબહેન-જન્મોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહિત જણાવવાનું કે—

ક્રમબદ્ધ જેવા અતિ માર્મિક સિદ્ધાંતના હાર્દ પ્રકાશક, નિશ્ચય-વ્યવહાર અને ઉપાદાન-નિમિત્તનું સ્વરૂપ સમજાવનાર, પુરુષાર્થની પ્રેરણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક, મુમુક્ષુ સમાજના પરમ તારણહાર, અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર-મહિમાનું જીવનભર સ્મરણ કરનાર અને સ્મરણ કરાવનાર ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૯મી મંગલ જન્મજયંતી (શ્રાવણ વદ બીજ) વઢવાણ નિવાસી શ્રી રંભાબહેન પોપટલાલ વોરા (હસ્તે તેમના સુપુત્ર અને શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના માનનીય પ્રમુખ શ્રી હસમુખભાઈ પોપટલાલ વોરા) તરફથી ભક્તિભાવપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે. જન્મજયંતીનો આ મંગલ મહોત્સવ શ્રાવણ સુદ ૧૩, મંગળવાર, તા. ૧૧-૮-૯૨થી શ્રાવણ વદ બીજ, શનિવાર, તા. ૧૫-૮-૯૨ પાંચ દિવસ સુધી 'શ્રી ચોંસઠઋદ્ધિ મંડલ વિધાન પૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચન, બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા પૂજાભક્તિ, સમાગમ વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, પુરુષો માટેનો શિક્ષણવર્ગ. યાત્રાની વિડિયો દ્વારા કહાનગુરુદર્શન તેમ જ અન્ય આહ્લાદકારી રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

પૂજ્ય બહેનશ્રીના આ મંગલમય જન્મોત્સવનો અનુપમ લાભ લેવા પધારવા મુમુક્ષુસમાજને શ્રી રંભાબહેન પોપટલાલ વોરા તરફથી હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

—શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ

# 卐 આગમ મહાસાગરનાં અણુમૂલાં રત્નો 卐

* આંધળો તો કુવામાં પડે એ અચરજ નથી પણ દેખતો પડે એ અચરજ છે, તેમ આત્મા જ્ઞાતાદ્રષ્ટા છે અને સંસારકૂપમાં પડે છે એ મોટું આશ્ચર્ય છે. મોહઠગે તેના માથે ઠગોરી નાખી છે તેથી તે પરઘરને જ પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. જ્ઞાનમંત્રથી મોહ ઠગોરીને ઉતારે ત્યારે નિજઘરને પામે. શ્રીગુરુ વારંવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે કે પોતાના અખંડિત ઉપયોગનિધાનને લઈ અવિનાશી રાજ્ય કર! તારી હરામજાદીથી જ પોતાનું રાજ્યપદ ભૂલી કોડી કોડીનો જાચક કંગાલ થયો છે; તારું નિધાન તારી પાસે જ હતું પણ તે સંભાળ્યું નહિ તેથી તું દુઃખી થયો. ૩૧૯. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૨૬)

* મારે કાંઈ પણ જાણવાનું બાકી રહ્યું નથી, દેખવાનું બાકી રહ્યું નથી. તેમ જ કાંઈ પણ આ જગતમાં સમજવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, કલ્યાણકારી, આદરવા યોગ્ય, મારે કાંઈ બાકી રહ્યું નથી. કારણ કે આ જગતમાં અત્યંત પ્રયત્નપૂર્વક જાણવા યોગ્ય, દેખવા યોગ્ય, સમજવા યોગ્ય, અનુભવવા યોગ્ય, કરવા યોગ્ય, કહેવા યોગ્ય, ધ્યાન કરવા યોગ્ય, શ્રવણ કરવા યોગ્ય, પ્રાપ્ત કરવા યોગ્ય, શ્રેયરૂપ પરમ કલ્યાણકારી, આદરવા યોગ્ય જો કાંઈ પણ હોય તો તે એક શુદ્ધ ચિદ્રૂપ, શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તે તો મહાભાગ્યયોગે જ્ઞાની-ભગવાનની વાણીના આરાધનથી મેં મેળવ્યું છે. માટે મને તે જ અત્યંત પ્રિય છે. ૩૨૦. (શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધ્યાય-૧, ગાથા-૧૯)

* શ્રી જિનેન્દ્રકી ભક્તિ કરનેસે ભાવ શુદ્ધ હોતા હૈ. તબ વિષયોંકા ભાવ દૂર હોતા હૈ. શ્રી જિનેન્દ્રકી ભક્તિકી સહાયતાસે હી કર્મોંકો છોડકર જિનપના પ્રકટ હોતા હૈ. જિનપદકા પ્રકાશ શુદ્ધોપયોગ સહિત હૈ. શુદ્ધભાવકા ધ્રુવરૂપસે પ્રગટ રહના યહી મોક્ષકા સાક્ષાત્ સાધન હૈ. ૩૨૧. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૪૩)

## 卐 મિથ્યાત્વના ત્યાગની વિધિ 卐

મારી પ્રભુતા એવી છે કે હું રાગના સ્વામીપણે કદી પરિણમતો નથી. "રાગનું સ્વામીપણું તો રાંકાઈ છે"—ભીખારીપણું છે. ગણધરદેવ પણ રાગપણે પરિણમે છે પણ રાગના સ્વામીપણે પરિણમતા નથી. તુરત વીતરાગતા આવશે નહીં ત્યાં સુધી રાગ આવશે ખરો, પણ રાગના સ્વામીપણે હું પરિણમતો નથી. કેમકે સ્વ-સ્વામી નામનો મારો ગુણ હોવાથી દ્રવ્ય-ગુણ તે મારા સ્વ ને હું તેનો સ્વામી છું. મારામાંથી જે નીકળી જાય છે અને પુદ્ગલદ્રવ્ય જેનો સ્વામી છે એવા રાગનો સ્વામી હું સદાય નહીં થતો હોવાથી મમત્વહીન છું. રાગના સ્વામીપણે નહીં થવું એ મિથ્યાત્વના ત્યાગની વિધિ છે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૬/-